
વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

ઑગસ્ટ, 2012




આપણું અમદાવાદ...
સુરીલું અમદાવાદ...
અમદાવાદની ગાથા.. અમદાવાદનાં ગીતો..
ગૌરવભેર.. ગમ્મત સાથે...
" મંદિર, મસ્જિદ, દેરાસર કે જાળી અને મિનારા
ખડકી, પોળ, મહોલ્લામાં જીવન સહુનાં મજિયારાં
(જ્યાં) કિલ્લા, દરવાજા, તળાવ ઈતિહાસ બનીને રહે
દેશ અને દુનિયામાં જેનું નામ ગુંજતું રહે
આપણું અમદાવાદ, આપણું અમદાવાદ...."
કાવ્યપંક્તિઃ માધવ રામાનુજ
Book with DVD & Audio CD
સંપર્ક કરોઃ
Marketed by :
Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk,
Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us : 26561834 / 35
visit us at : www.shyamalsaumil.com
પરિકલ્પના અને સંગીત
શ્યામલ-સૌમિલ
TOUCHING TUNES

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ

# સંપાદકનું સારેગમ

## આવો, સહુ સાથે મળીને આ ચળવળને વેગ આપીએ

ઑગસ્ટ એટલે....

આઝાદીનો મહિનો! ના, ઑગસ્ટ એટલે ક્રાંતિનો મહિનો. આઝાદી તો એ અંતે પ્રાપ્ત થયેલું સુફળ છે. કશુંય સંઘર્ષ વગર મળતું નથી. સહેલાઈથી મળી જાય એને ય લાયક બનવું પડે છે, અને એને સાચવવા સજાગ બનવું પડે છે. સંઘર્ષ પછી મળે એની કિંમત, એનો મહિમા યાદ રહે છે. પણ એને ય લાયક તો બનવું જ પડે, એને સાચવવા સજાગ રહેવું પડે. જીવનનાં તમામ ક્ષેત્રો, તમામ પ્રવૃત્તિ બાબતે આ સત્ય છે.

ગુજરાતી ગીતસંગીત ક્ષેત્રે છેલ્લા ત્રીસ વર્ષની સક્રિયતા પછી અહીં પણ આ જ સત્ય લાગુ પડતું અનુભવ્યું છે. અહીં પણ એક ચળવળ તો શરૂ થઈ છે. પણ ક્રાંતિની જરૂર છે. ચળવળ છે ગુજરાતી ગીતસંગીતની પ્રવૃત્તિને સાથસહકાર આપવાની. આ માટે શ્રોતા તરીકે ટિકિટ ખરીદીને, શ્રોતામંડળની સભ્ય ફી ભરીને, પ્રાયોજક બની-બનાવીને, જાહેરખબર છાપી-છપાવીને, કલાપ્રવૃતિના સાચા અને સૌહાર્દપૂર્ણ અહેવાલ પ્રકાશિત, પ્રસારિત કરીને... જેનાથી જે થઈ શકે તે કરીને આ કલાપ્રવૃત્તિને આર્થિક સહયોગ કરી શકે છે.

કલાકારોની ય જવાબદારી બને છે કે, એ પણ આ કલાપ્રવૃત્તિનું ગૌરવ કરે. આ કલાપ્રવૃત્તિ સમજે અને એની આવશ્યકતા અપેક્ષાનુસારનાં સર્જન કરે, પ્રત્યેક રજૂઆત પહેલાં પૂરતું ''ઘરકામ'' કરે. શ્રોતાઓની માનસિકતા સમજે અને એમનાં રસરુચિનું વર્ધન પણ કરે. ગમતું પીરસે અને નવું ગમતું થાય તેમ પણ કરે. અવિનાશ વ્યાસ જ્યારે આ ક્ષેત્રમાં પ્રવૃત્ત થયા ત્યારે જૂની ગુજરાતી રંગભૂમિનાં ગીતોની લોકપ્રિયતા અપ્રતિમ હતી. ભાવકો ''વન્સમોર''નો વરસાદ વરસાવતા એ વાતાવરણમાં અવિનાશભાઈએ પોતાના નવા જ ગીતસંગીત વહેતાં કર્યાં અને પરિણામ આપણી સામે છે. સફળતાનું આ દૃષ્ટાંત આપણા માટે પથદર્શક છે. અલબત્ત, એમનાં ગીતોને પુનઃ પુનઃ પ્રસારની જે અનુકૂળતા હતી, તે અત્યારે નથી. ગુજરાતના જ FM રેડિયોસ્ટેશન પર ગુજરાતી ગીતોનું ગૌરવ નથી. જો કે એની સામે ઇન્ટરનેટનું માધ્યમ બન્યું છે, અને એનો ફેલાવો અસીમ છે. એનો ઉપયોગ થઈ શકે. મોબાઈલ ફોનનાં રિંગટોન રૂપે ગુજરાતી ગીતોનો પ્રસાર થઈ શકે. અમે પણ ''આપણું અમદાવાદ... સુરીલું અમદાવાદ'', ''હસ્તાક્ષર'' વગેરેનાં ગીતોને આ રીતે જનસાધારણ વચ્ચે પહોંચાડ્યા છે. અને ફરી એક વાર અમે ''બેઠક''ના માધ્યમથી નવા શ્રોતાઓ સુધી પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. શ્રોતા કલાકારો પાસે આવે કે કલાકાર શ્રોતા પાસે જાય ! આજે કાર્યક્રમમાં આવતા શ્રોતા ગઈકાલના આવા જ પ્રયત્નોનું પરિણામ છે.



આવો, સહુ સાથે મળીને આ ચળવળને વેગ આપીએ. કાલે એ ક્રાંતિ બનશે ને જરૂર મળશે. પરાવલંબનમાંથી આઝાદી! આપણી પાસે હશે આપણાં પોતાનાં ગીતો... જૂનાં સાથે નવાં ગીતો, ગમતાં સાથે ગમી ગયેલાં ગીતો ! જય સંગીત !

-સૌમિલ મુનશી

વર્ષઃ૨ / અંકઃ ૨ / ઑગસ્ટ,૨૦૧૨

તંત્રીઃ સૌમિલ મુનશી

પ્રકાશકઃ સૌમિલ મુનશી
શ્યામલ મુનશી

પરામર્શકઃ તુષાર શુક્લ

ડિઝાઈન કનસેપ્ટસઃ
ઝીબ્રા આઈડીયાલેબ

તસવીર પરામર્શનઃ સંજય વૈદ્ય, વિવેક દેસાઈ

વ્યવસ્થાઃ હાર્દિક જોશી

ઓફિસ એક્ઝિક્યુટિવઃ
મિરાત ભટ્ટ, જિગીષા જાની

સહાયઃ ગોપાલ પઢિયાર

કાર્યાલયઃ સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
(પંચવટી), એલિસબ્રિજ, અમદવાદ-૬
ફોન : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪ - ૩૫

ઈ-મેઈલઃ
તંત્રીઃ saumilmunshi60@yahoo.co.in
પ્રકાશકઃ swarsetu@yahoo.com
swarsetu@shyamalsaumil.com

છૂટક મૂલ્યઃ ₹૪૦

વાર્ષિક લવાજમ ( વર્ષમાં ૧૨ અંક )
દેશમાંઃ ₹૩૦૦ ( પ્રતીક ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાંઃ અમેરિકન ડોલર ૫૦
બ્રિટીશ પાઉન્ડ ૩૦
( દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે )

( નોંધ : લવાજમની રકમ રોકડથી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad - 380 022 and **published from** 707, Shitiratna, Avinash Vyas Chock, Panchavati, Ellisbridge, Ahmedabad - 380 006. **Editor** - SAUMIL PARESH MUNSHI.


NATION BUILDING THROUGH MINERAL WEALTH:
50 Golden Years of success story
• Commissioned 5 MW Solar Power plant on reclaimed mined out area.
• Commissioned 110 MW Wind Farms.
• Commissioned 250 MW Thermal Power Plant.
• Mineral value additions projects through JVs like Alumina Refinery, Speciality Alumina Chemicals, Zeolite & Proppants, Cement Plant, Silica sand beneficiation, Manganese beneficiation.
• Developing Coal mine at Naini (Orissa) having 500 Million T. reserves in JV with PIPDIC.
• Highest ever lignite production 11.2 Million T in 2011-12
• IT (Information Technology) intervention through ERP.
• Adopting outcome based approach for creating social infrastructure in & around Mining & Power plant
With Best Compliments
GMDC
FUELING THE GROWTH
Gujarat Mineral Development Corporation Limited
(A Govt. of Gujarat Enterprise)
"Khanij Bhavan", 132 feet - Ring Road, Vastrapur, Ahmedabad-380052
Phone : 079-27913501, 27913200 - Fax : 079-27913038.
Email : contact@gmdcltd.com - Website : www.gmdcltd.com
Harp Communication

# લોકજીવનમાં ધબકે છે વાદ્ય

સ્વરસેતુ મે ૨૦૧૨ નો અંક હાથમાં આવ્યો. તેની સજાવટ, 'સૂરીલા શબ્દશૃંગાર' વૈવિધ્યસભર લલીતકલાના અનેકવિધ પાસાઓનું ન્યાયિક, રુચિકર રીતે ઉજાગર કરવાની શુભચેષ્ઠા, સુઘડ, સુંદર શૈલીમાં નિરૂપણ અને ફોટોડોક્યુમેન્ટેશનની ક્લેરીટી પ્રશંસનીય છે. હાર્દિક અભિનંદન.

મે ૨૦૧૨ ના 'સ્વરસેતુ' ના નાદવિશેષમાં આદરણીય જોરાવરસિંહ જાદવનો 'અવનદ્ધવાદ્ય' પરનો લેખ લોકજીવનનાં ધબકતા પાસાને સુંદર રીતે ઉજાગર કરે છે જે વાંચીને આનંદ થયો.

લોકસંગીતને સ્વયંભૂ લાગણીઓના પ્રાદુર્ભાવે પ્રગટ થયેલી 'બાયોલોજીકલ ઈન્સ્ટીક્ટ' લખીએ તો ખોટું નથી.

લોકવાદ્યો - લોકસંગીત અતી સાહજિક છે. સ્વયંભૂ છે, અને લોકભોગ્ય છે. એથી આવી કલાને લોકોના આરાધ્ય દેવો સાથે સંવાદિતા ને સુલભતાથી મુલવવાનું મને મન થયું.

વૈદિકકાળ અને તત્પશ્ચાત ભારતીય સમાજરચનાની ધરોહર 'વર્ણપ્રથા' પર આધારિત હતી. શૂદ્ર એટલે કે છેવાડાના લોકો તેમ જ ભીલ-આદિવાસીઓ વગેરેય. સવર્ણો અલાયદો ચોકો રાખતા (આભડછેટ રાખતા!!!) કિન્તુ આ એવા લોકોનો જનસમુદાય હતો કે જેઓના આરાધ્યદેવ અવધૂત ભોળેનાથ શંકર ભગવાન હતા.

એક એવી સમજ ભારતવર્ષમાં પ્રવર્તે છે કે 'સંગીત-નૃત્યકલા'ના પ્રણેતા એવમ પુરસ્કર્તા ભગવાનશંકર હતાં. જેના દ્વારા ભરતમુનિ અને પછી કાળાંતરે આ બન્ને વસ્તુઓ આમજનતા સુધી પહોંચી હશે.

જોરાવરસિંહજીએ ઢોલના અનેક બોલ છે તેની સુંદર માહિતી આપી જ છે. જગ્યાના અભાવે લેખમાં તેની વિસ્તૃત છણાવટ શક્ય ન હોય તે સમજી શકાય છે, પરંતુ કવિમુશાયરામાં જેમ પાદ્પૂર્તિને ક્યારેક અવકાશ હોય તેમ અત્યારની નવી પેઢીને મારી આ નાનકડી પાદ્પૂર્તિ રૂપે ઢોલના 'બુંગિયા' વિષે કહેવું છે.

ઢોલી તેની હસ્તગત કલા દ્વારા ઢોલ વગાડી વિવિધ માહોલનું સર્જન કરે છે, તેમાં 'બુંગિયો' એક એવું તાલબદ્ધ અતિમહત્ત્વના સંદેશા સૂચન માટે વગાડવાની પ્રક્રિયા છે

સમસ્ત ગ્રામજનોને આપત્તિકાળે ગંભીર ચેતવણી આપી 'એલર્ટ એન્ડ વૉર્નીંગ' સંદેશો આપવા બુંગિયા વાગે કે પીટાય છે.

ડૉ. પીયુષ ભાટલિયા
જામનગર



# રાષ્ટ્રધ્વજને

ફરક ફરક તું મુક્ત હવામાં
ઝંડા, ઉડ તું ઉંચે વ્યોમ;
અમ મસ્તક પર રહે ફરકતો
જ્યાં લગી નભમાં સૂરજ સોમ!
(વૃંદ) ઝંડા મુક્ત વિહર જગ-વ્યોમ;
સાથી હો તવ સૂરજ-સોમ!

રહે લહેરાતો હિમગિરિ પર તું,
ઉડ તું સાગર-તટે વિરાટ,
કૃષ્ણા રેવા તટે ઉડ તું,
ઉડ તું જાહનવી યમુના ઘાટ!
(વૃંદ) ઝંડા મુક્ત વિહર જગ-વ્યોમ,
સાથી હો તવ સૂરજ સોમ!

ત્રિરંગી છે તવ છાયા શીળી,
ધર્મ-ચક્ર તવ ઉરે ઉદાર;
અશોક કેરા સ્વપ્ન ફળે સૌ
સુણાય જ્યાં તવ ઉર ધબકાર!
(વૃંદ) ઝંડા મુક્ત વિહર જગ-વ્યોમ,
સાથી હો તવ સૂરજ સોમ!

શહીદનાં શોણિતથી પોષ્યાં
વજ્રસમાં તવ અણનમ અંગ,
કુદ્રષ્ટિ ક્યં તો વીંધે તુજને
મહાબાહુ તું અગ્નિ તરંગ!
(વૃંદ) ઝંડા મુક્ત વિહર જગ-વ્યોમ,
સાથી હો તવ સૂરજ સોમ!

જગન્નભે હો ધ્રુવ-તારક તું,
તું હો નૂતન જગનો પ્રાણ,
ઘોર નિશામાં વિશ્વજનોને
બનજે તું શિવ મુક્તિ-ભાણ !
(વૃંદ) ઝંડા તું મુક્ત વિહર જગ-વ્યોમ,
સાથી હો તવ સૂરજ સોમ! - ફરક

શબ્દરચના : સ્નેહરશ્મિ
સ્વરરચના અને સ્વરલિપિ : ભાઈલાલભાઈ શાહ
સૌજન્ય : વિદ્યાવિહાર ગીતમાલા

''સ્નેહરશ્મિ''ની આ સુંદર રચનામાં દેશભક્તિ ભારોભાર છલકે છે. જેની સ્વરલિપિ વિદ્યાવિહાર ગીતમાલામાંથી આપના માટે.



## राष्ट्रध्वजने

**राग मिश्र बहार** | **ताल त्रिताल** | **मध्यलय**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| × | | | | २ | | | | ० | | | | ३ | | | |
| | | | | | | | | प | सां | नी | सां | नी॒ | प | मप | नी॒प |
| | | | | | | | | फ | र | क | फ | र | क | तुंऽ | ऽऽ |
| (म)ग॒ | – | (म)ग॒ | म | रे | – | सा | – | सा | म | म | – | म | प | ग॒ | म |
| मु | ऽ | क्त | ह | वा | ऽ | मां | ऽ | झं | ऽ | डा | ऽ | ऊ | ऽ | ड | तुं |
| नी॒ | ध | नी | – | सां | – | – | –सां | म | म | म | – | नी॒ | ध | नी | नी |
| ॐ | ऽ | चे | ऽ | व्यो | ऽ | ऽ | ऽम | अ | म | म | ऽ | स्त | क | प | र |
| सां | सां | – | सां | रें | नी | सां | – | नी | – | नी | नी | सां | सां | सां | – |
| र | हे | ऽ | फ | र | क | तो | ऽ | ज्यां | ऽ | ल | गी | न | भ | मां | ऽ |
| नी | सां | रें | सां | नी॒ | ध | नी॒ | –प | प | रें | रें | – | रें | – | रें | रें |
| सू | ऽ | र | ज | सो | ऽ | ऽ | ऽम | झं | ऽ | डा | ऽ | मु | ऽ | क्त | वि |
| रें | सां | रें | मं | (मं)ग॒ | – | – | –ग॒ | मं | रें | रें | – | सां | – | सां | सां |
| ह | र | ज | ग | व्यो | ऽ | ऽ | ऽम | सा | ऽ | थी | ऽ | हो | ऽ | त | व |
| नी | ध | नी | रें | सां | – | – | –सां | | | | | | | | |
| सू | ऽ | र | ज | सो | ऽ | ऽ | ऽम | | | | | | | | |

**સુધારીને વાંચવા વિનંતિ...**

મે,૨૦૧૨ના 'સ્વરસેતુ'ના અંકના સ્વરલિપિ વિભાગમાં 'ગુજરાત મોરી મોરી રે...' ગીતના સ્વરસ્કાર તરીકે ક્ષેમુ દિવેટિયાનુ નામ લખાયું હતું, હકીકતમા એ ગીતની સ્વરરચના શ્રી રાસબિહારી દેસાઈ દ્વારા કરવામાં આવેલી છે. આ વાતને ધ્યાન પર લાવવા બદલ વિભા દેસાઈનો ખૂબ ખૂબ આભાર...–સંપાદક





તુષાર શુક્લ




# છાશ લેવા જવી હોય તો દોણી સંતાડવાનો શો અર્થ?

'સ્વરસેતુ' શ્રોતાવૃંદની રચના કરવાનું કારણ હતું નવાં-જૂનાં ગુજરાતી ગીતોને જૂનાં-નવા રસિક ભાવકો મળી રહે. કેટલીક વાર અમે કાર્યક્રમો કરતા ત્યારે જાણીતા-અજાણ્યા શ્રોતાઓ કહેતા કે એમને માટે આ અનુભવ રસભર રહ્યો, ગુજરાતી ગીતોની આવી રજૂઆત એમના માટે નવી હતી. અને જો આવા કાર્યક્રમોની જો અગાઉથી જાણ થાય તો એમને સાંભળવા આવવું ગમશે. ગુજરાતી ભાષા માટેના ઠંડા આવકારના વાતાવરણમાં આવો ઉષ્માસભર પ્રતિસાદ મળતા અમે 'સ્વરસેતુ' શ્રોતાવૃંદની રચના કરી. અને અપૂરતી શ્રોતા સંખ્યા છતાંય ઝૂકાવી દીધું. એ વાતને આજે દસકો પૂરો થઈ ગયો. નવા શ્રોતા ઉમેરાયા, જૂના ગયા, પાછાય આવ્યા... પણ સંખ્યાની આ વધઘટ અટકી નહીં. તાજેતરમાં 'આપણું અમદાવાદ.. સુરીલું અમદાવાદ'ની ભવ્ય રજૂઆત સમયે અમે આપણા સૌ સભ્યશ્રીઓને સસ્નેહ યાદ કરીને આમંત્રણ પાઠવ્યાં. અને અમને ય સાંપડ્યો સ્નેહભર પ્રતિસાદ. 'સ્વરસેતુ' છોડીને ગયેલા પૈકીના કેટલાક મિત્રો પુનઃજોડાયા. અમે તો એમને યાદ કર્યા જ પણ એ અમને ભૂલ્યા નથી, એનો એ મીઠો અનુભવ હતો.

'સ્વરસેતુ'ને વિસ્તારવા આમંત્રણો મળતાં ગયાં અને અમે ઉત્સાહભેર વડોદરા, આણંદ અને મુંબઈ પહોંચ્યા. પ્રતિસાદ પ્રેમાળ હતો, પણ પૂરતો ન હતો. આમ છતાંય અમે હિંમત હાર્યા વગર આ સફરમાં એક ઓર સાહસ કર્યું અને તે 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'નું પ્રકાશન. આજ પર્યંત ૧૬ અંક પ્રગટ પણ થયા અને એના નયનરમ્ય રંગરૂપ અને એમાં પ્રગટ થતી માહિતીએ વાચકોને

**ગુજરાતી ભાષાની પ્રતિષ્ઠા કરતા ગૌરવપ્રદ કાર્યક્રમો આપણી આવશ્યકતા છે. આપણી આવતીકાલ માટે આપણે આજે જ જાગૃત થવું જરૂરી છે. મનરંજનનું સ્તર ઊંચું આવે એ માટે આપણે સાથે મળીને કંઈક કરવું જોઈએ.**

પ્રસન્ન કર્યાં. અભિનંદનપત્રો અને સંદેશા સાંપડ્યા. પણ પ્રકાશન ખર્ચને પહોંચી વળવાનું મુશ્કેલ છે એ હકીકત છે. કેટલાક સહૃદયી મિત્રોએ સામયિક માટે જાહેરખબર આપીને ટેકો તો કર્યો જ છે. પણ હજી એનું સ્વનિર્ભર થવાનું બાકી છે. સામયિકના સ્તર સાથે કોઈ સમાધાન કર્યાં વગર જ અમારે એને પ્રગટ કરવું છે, એ અમારો સંકલ્પ છે.

આ લેખ લખવાનું કારણ અમારા આ સંકલ્પનું પુનઃઉચ્ચારણ છે. ગુજરાતી ભાષામાં કલાપ્રવૃત્તિના સમાચાર અને કલાક્ષેત્રને સ્પર્શતા વિવિધ વિષયો સંદર્ભે વિગતપૂર્ણ લેખ પ્રગટ કરતા આવા સામયિકની અનિવાર્યતા સહુએ સ્વીકારી છે. હાલ, આ સ્તરના સામયિકની ગેરહાજરી છે ત્યારે 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' આવકારવા સહુ ઉત્સુક છે. અને આ અભિપ્રાય જ અમારું પ્રોત્સાહક બળ છે. જાણકારો અમને પૂછે પણ છે કે, આવું સામયિક આ ભાવે પ્રગટ કરવું તમને કઈ રીતે પોસાય છે? એમનો આ સવાલ એમની સહૃદયતાનો દ્યોતક છે. એ સત્ય સમજે છે એટલે જ એમની સંવેદના આ સવાલ પૂછે છે. વાત સાચી છે. આ સ્વરૂપનું સામયિક પ્રગટ કરવું સહેલું નથી જ. પરંતુ વર્તમાન સમયમાં મનોરંજનનું જે સ્વરૂપ છે એ આપણી સંસ્કારિતા સામે પડકાર છે. આપણી સભ્યતા અને શુદ્ધ કલાસ્વરૂપનું એની સામે ટકવું મુશ્કેલ બનવાનું છે. કલાના

ક્ષેત્રમાં પણ ટૂંકા રસ્તે ઝડપી સફળતા મેળવવાની દોડ ચાલે છે. કલાકારો પણ સાધના કરવાના મતના નથી. સફળ થવાની ઉતાવળ છે પણ ટકી રહેવાની તાકાત કેળવવા તરફ બેધ્યાન છે. આવા વાતાવરણમાં ગુજરાતી ભાષાની પ્રતિષ્ઠા કરતા ગૌરવપ્રદ કાર્યક્રમો આપણી આવશ્યકતા છે. આપણી આવતીકાલ માટે આપણે આજે જ જાગૃત થવું જરૂરી છે. મનરંજનનું સ્તર ઊંચું આવે એ માટે આપણે સાથે મળીને કંઈક કરવું જોઈએ.

આવા સમયમાં 'સ્વરસેતુ' દ્વારા અમે સામા વ્હેણે તરવાના પ્રયત્નો કરી રહ્યાં છીએ. અમને એ ગમે છે અને અમને એનું ગૌરવ પણ છે, સંતોષ પણ છે. પણ, એ કામમાં અમને આપના ઉદાર સહકારની આવશ્યકતા પણ છે. આ પ્રવૃત્તિ હવે અમારી જ નથી, આપણી છે.

અમને જરૂરી છે 'સ્વરસેતુ' શ્રોતાવૃંદમાં સભ્યપદ, અમને જરૂરી છે 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'માં જાહેરખબર.

**'સ્વરસેતુ'ને વિસ્તારવા આમંત્રણો મળતાં ગયાં અને અમે ઉત્સાહભેર વડોદરા, આણંદ અને મુંબઈ પહોંચ્યા. પ્રતિસાદ પ્રેમાળ હતો, પણ પૂરતો ન હતો. આમ છતાંય અમે હિંમત હાર્યા વગર આ સફરમાં એક ઓર સાહસ કર્યું અને તે 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'નું પ્રકાશન. એના નયનરમ્ય રંગરૂપ અને એમાં પ્રગટ થતી માહિતીએ વાચકોને પ્રસન્ન કર્યાં.**

અમને જરૂરી છે, 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'નું લવાજમ આપ પોતે આમાનું કંઈ પણ આપના કોઈ પણ પ્રિયજનને વર્ષગાંઠ, લગ્નતિથિ કે અન્ય શુભ અવસરે કે એક શુભેચ્છા રૂપે કે ભેટરૂપે આપી શકો અથવા એ માટે કોઈને સક્રિય કરી શકો. અને એ રીતે આ યજ્ઞકાર્યમાં સહયોગ આપી શકો. યજ્ઞને પ્રજ્વલિત રાખવા એમાં સમયે સમયે સમિધ હોમવા પડે. આપ એ જરૂર કરો. જોડાવ અને જોડો.

હું દરેક કાર્યક્રમ સમયે આ અંગે વાત કરતો જ હોઉં છું, કારણ કે હું માનું છું કે, છાશ લેવા જવી હોય તો દોણી સંતાડવાનો શો અર્થ? ''ભિક્ષાન્ન દેહિ'' એ અકિંચનનો ગૌરવપૂર્ણ સ્વર છે કારણ કે એના દ્વારા ઉત્તમના આશિકો એક સૂત્રમાં પરોવાય છે.

'કશું થતું નથી, કશુંક થવું જોઈએ...' ની ફરિયાદ–ચર્ચા–સલાહ–સૂચના વચ્ચે આપણે સાથે મળીને હવે એ કરી બતાવીએ.





વાચકમિત્રો અને 'સ્વરસેતુ'ના સંગીતભાવકોને વિનંતી કે આ ન્યૂઝ ડાયજેસ્ટ અંગેના આપના નિખાલસ પ્રતિભાવ અને સૂચનો જરૂર લખી જણાવશો. 'સ્વરસેતુ'ના વિવિધ 'થીમ' આધારિત કાર્યક્રમો વિશેનો આપનો અભિપ્રાય કે આપનું સૂચન પણ અમને અવશ્ય જણાવશો.

શ્યામલ–સૌમિલ દ્વારા અવારનવાર પ્રગટ થતી સીડી અને ડીવીડી વિશે પણ આપ આપનાં મંતવ્યો જણાવશો તો એ અમને અમારી ભવિષ્યની વિવિધ યોજનાઓમાં ઉપયોગી થઈ પડશે.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ

૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ટેલિફેક્સ: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com



નંદિની ત્રિવેદી




# લેખનમાં કે કલાનાં કોઈપણ સ્વરૂપમાં પ્રામાણિકતા હોવી જરૂરી છેઃ સૌમ્ય જોષી

"અણગમતો સમય લઈને સાથે ફરવા કરતાં ગમતા સમય સાથે જ ઘડિયાળને બંધ કરી દેવાની અને એ ગમતો સમય સાથે લઈને ફરવાનું. ભૂખ્યા પેટે પ્રાર્થના ન કરતા, નહીં તો ભગવાન સાંભળશે નહીં. આમેય ભગવાન ભૂખ્યાનું ક્યાં કંઈ સાંભળે છે?" આ અને આવાં સંવેદનશીલ સંવાદો ધરાવતું સૌમ્ય જોષી દિગ્દર્શિત 'આઠમા તારાનું આકાશ' નાટક અને સૌમ્ય જોષી લિખિત-દિગ્દર્શિત-અભિનીત અમદાવાદનાં કોમી દંગલ પર આધારિત અન્ય એક અદ્ભુત નાટક એટલે 'દોસ્ત, ચોક્કસ અહીં નગર વસતું હતું', આ બે નાટક ઉપરાંત તેમના 'વેલકમ જિંદગી' અને '૧૦૨ નોટઆઉટ' નાટકની જ્વલંત સફળતા તેમજ નવા નાટક 'જો અમે બધાં સાથે તો દુનિયા લઈએ માથે'નો ઉલ્લેખ સૌમ્ય જોષીની સર્જનાત્મક ઊંચાઈ દર્શાવવા પૂરતો છે. સૌમ્ય હંમેશા કોઈક નવી જ થીમ અને નવી જ માવજત લઈને આવતા ડિરેક્ટર છે. વિચારશીલ મનોરંજન એ એમનું ધ્યેય છે. એટલે જ કોમી દંગલ જેવા ગંભીર અને હચમચાવી દેનારા વિષયમાં પણ તેઓ મ્યુઝિકલ કોમેડી મુકી શકે છે. મૂળ અમદાવાદના, દસ મૌલિક નાટક અને ચારેક રૂપાંતરિત નાટકોના લેખક સૌમ્ય 'ફેડ ઈન થીયેટર'ના સ્થાપક છે અને મોટાભાગે નવા-યુવાન કલાકારોને લઈને વાસ્તવદર્શી નાટકો કરવા માટે પ્રખ્યાત છે. આપણી સંવેદનશીલતાને હૃદયના મર્મસ્થાન સુધી પહોંચાડવા સક્ષમ અને થિયેટરને સમર્પિત એવા સૌમ્ય જોષીને આવો, મળીએ...

**મુખ્ય શોખઃ** નાટક લખવું-દિગ્દર્શન કરવું. ક્રિકેટનો રસિયો પણ હું ખરો. આ ઉપરાંત ખાવાનો ભારે શોખ.

**પ્રિય લેખકઃ** મરાઠી નાટ્યકાર વસંત કાનેટકર

**આપણું અનુભવવિશ્વ નાનું છે ને જિંદગી ખૂબ મોટી છે. એ જિંદગીને તમામ સ્વરૂપે, ખુલ્લા મને પોતાનામાં આવકારવાની શક્તિ મારે માટે મહત્ત્વની છે. એટલે જ હું કહું છું ને કે, 'વેલકમ જિંદગી'!**



### સૌમ્ય જાષી કહે છે...

મારા ત્રણ રોલમેડલ છે. ભગતસિંહ, સાને ગુરૂજી અને સાહિત્યમાં મરીઝ. મારો આદર્શ એ કે જિંદગી સરસ રીતે જીવવાની. કલાના માધ્યમથી સમાજને જેટલું આપી શકાય એટલું આપવાનું અને એમાં સફળ થવાનું. હું માનું છું કે વિષય ગમે તે હોય એમાં સાત્ત્વિક મનોરંજન તત્ત્વ હોવું જ જોઈએ. શુદ્ધ નાટ્યતત્ત્વ, કલાતત્ત્વ અને મનોરંજન સાથે મને જે સમજાય એ દિશામાં મારા દર્શકો પણ વિચારતા અને પ્રયત્ન કરતા થાય તો મારું ધ્યેય સફળ થયું ગણાય.

ખૂબ પ્રિય.

**પ્રિય કવિઃ** સુંદરમ્ અને મરીઝ

**પ્રિય સાહિત્યિક કૃતિઃ** મરીઝ કૃત 'આગમન' અને 'યશ કી ધરોહર' નામનું પુસ્તક, જેમાં ભગતસિંહ, સુખદેવ જેવા ક્રાન્તિકારીઓની તેમના સાથીઓએ લખેલી યાદોનો સંગ્રહ છે.

**ફેવરિટ સંગીત અને સંગીતકારઃ** જૂની હિન્દી ફિલ્મોનું સંગીત–ગીતો સૌથી વધુ ગમે. શાયર તરીકે સાહિર લુધિયાનવી અને તેમની રચનાઓ અતિશય પ્રિય. એ સિવાય સંગીતકારોમાં ઇલિયારાજા, ખય્યામ, નૌશાદ ને મદનમોહન મારી દષ્ટિએ બેમિસાલ છે.

**મનગમતી ફિલ્મોઃ** ભવની ભવાઈ, સારાંશ, અંકુર, લગે રહો મુન્નાભાઈ, ખોસાલા કા ઘોંસલા. થ્રી ઈડિયટ્સ મારી ઓલ ટાઈમ ફેવરિટ ફિલ્મો છે. લેખનમાં કે કલાના કોઈ પણ સ્વરૂપમાં પ્રામાણિકતા હોવી જરૂરી છે. જે ફિલ્મો પ્રામાણિક હોય એ મને વધુ સ્પર્શે છે.

**મનપસંદ વાનગીઃ** ગાંઠિયાથી માંડીને કચોરી–સમોસાં સુધીનાં તમામ ફરસાણ ખૂબ જ ભાવે. અમારા અમદાવાદના નવતાડનાં સમોસા–દાળવડાંનો તો જગતભરમાં કોઈ જોટો નહીં. પંજાબી–મોગલાઈ અને બેક્ડ ડિશીઝ પણ મોંમાં પાણી લાવી દે.

**ગમતું પરફ્યુમઃ** પરફ્યુમનો જરાપણ શોખ નહીં. બિલકુલ ના ગમે.

**પ્રિય પ્રવાસસ્થળઃ** દીવનો દરિયો. અત્યંત શાંત અને આરામદાયક પ્રવાસસ્થળ. વિદેશમાં એમ્સ્ટર્ડેમ મારું ગમતું સ્થળ છે. મારા પ્રિય ચિત્રકાર વેનઘોઘનું ત્યાં બહુ સરસ એક્ઝિબિશન છે એટલે પણ એની સાથે લગાવ.

**વીકએન્ડ કઈ રીતે વિતાવવો ગમે?**

શો હોય ત્યારે તો પસંદગીને અવકાશ જ નથી. પણ ન હોય તો ટેલિવિઝન પર ક્રિકેટ જોવું ગમે. જૂની મેચ ચાલતી હોય તોય વાંધો નહીં.

**તમારે માટે મનગમતી સાંજ એટલે શું?**

હું કવિતા લખું છું પણ રોમેન્ટિક કવિતાઓ નથી લખતો, વાસ્તવદર્શી વધારે લખું છું. તેની મનગમતી સાંજને શબ્દોમાં વર્ણવવાનું ન ફાવે.



એમ છતાં દરિયાકિનારે બેસવું ગમે. પરંતુ, એક્સાઇટમેન્ટ તો જે દિવસે નાટકનો શો હોય એ સાંજના વાતાવરણનું જ. દરેક હિલચાલમાં ઊત્તેજના હોય જે મને અતિપ્રિય.

**પ્રેમ એટલે શું?**

જેમાં કશુંક આપવામાં, મેળવવા જેટલો જ આનંદ મળતો હોય. મારે માટે પ્રેમ એ દરેક પ્રકારના માનવીય સંબંધો છે, કોઈ વ્યક્તિવિશેષ નહીં.

**સૌથી મૂલ્યવાન શું જિંદગીમાં?**

જે મળે તેનો માત્ર સ્વીકાર નહીં, આનંદથી આવકારવું એ મારે માટે સૌથી મૂલ્યવાન છે. આપણું અનુભવવિશ્વ નાનું છે ને જિંદગી ખૂબ મોટી છે. એ જિંદગીને તમામ સ્વરૂપે, ખુલ્લા મને પોતાનામાં આવકારવાની શક્તિ મારે માટે મહત્ત્વની છે. એટલે જ હું કહું છું ને કે, 'વેલકમ જિંદગી'!

**તમારો આદર્શ અને આદર્શ વ્યક્તિ?**

મારા ત્રણ રોલમોડેલ છે. ભગતસિંહ, સાને ગુરુજી અને સાહિત્યમાં મરીઝ. મારો આદર્શ એ કે જિંદગી સરસ રીતે જીવવાની. કલાના માધ્યમથી સમાજને જેટલું અપી શકાય એટલું આપવાનું અને એમાં સફળ થવાનું. હું માનું છું કે વિષય ગમે તે હોય એમાં સાત્વિક મનોરંજન તત્ત્વ હોવું જ જોઈએ. શુદ્ધ નાટ્યતત્ત્વ, કલાતત્ત્વ અને મનોરંજન સાથે મને જે સમજાય એ દિશામાં મારા દર્શકો પણ વિચારતા અને પ્રયત્ન કરતા થાય તો મારું ધ્યેય સફળ થયું ગણાય.

**લોકો કઈ રીતે યાદ રાખે તો ગમે?**

મારે તો હજુ યાદ ઊભી કરવાની બાકી છે (હસીને કહે છે), વેલ, સાર માણસ અને સારા નાટ્યકાર તરીકે લોકો યાદ રાખે તો ગમે.

**લોકોની કઈ બાબત ગમતી નથી?**

સમાધાનવૃતિ. અણગમતી બાબત કે પરિસ્થિતિ સાથે સમાધાન કરીને આપણે જાત સાથે જ છેતરપિંડી કરીએ છીએ અને પોતાની ઓળખ ગુમાવીએ છીએ.

**કોઈ ખેદ?**

જેટલું કામ કરવું જોઈએ એટલું કરી શક્યો નથી એ. મૂળે આળસ...!

**કોઈ વ્યસન?**

પાન. હવે આદત થઈ ગઈ છે.

## પુનર્જન્મ હોય તો શું બનવાનું પસંદ કરો?

## નાટ્ય દિગ્દર્શક જ.



રાજેશ વ્યાસ
'મિસ્કીન'

# તમે ઓળખો છો એ ચહેરાની વાત

રેશમી માણસ હતો ગંઠાઈ કુંઠિત થઈ ગયો,
થૈ ગયો કેવો સમજણો સાવ મુર્છિત થઈ ગયો..

દંભ જોઈને ડઘાયો થૈ ગયું આળું હૃદય,
જે સુલભ લાભો હતા એથીય વંચિત થઈ ગયો.

પૂજવા જેવો સરસ ભગવાનનો માણસ હતો,
ઠોકરો ખાતો થઈ ગયો ને સાવ ખંડિત થઈ ગયો.

ફૂલ પેઠે કાચનો પ્યાલો મસળતો એ રહ્યો,
આંસુઓમાં ના વહ્યો એ ભાવ શોણિત થઈ ગયો.

એકતા ઘરની ટકાવા છેક છેલ્લા શ્વાસ લગ,
કેટલાંયે ટુકડાઓમાં વિભાજિત થૈ ગયો.

કેટલો મૌલિક હતો એ કોઈ ઉપનિષદ સમો,
પાઠ દુનિયાના ભણી બેકાર પંડિત થૈ ગયો.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'



એક ખૂબ સુંદર ચહેરો કલ્પો. તમારા બાળપણનો કે તમારા પુત્રનો ચહેરો કે તમારા પૌત્રનો ચહેરો કે જે બાળકને જોઈને તમે પ્રેમનો અને વહાલનો, ઈશ્વરની કૃપાનો અનુભવ કર્યો હોય. આ ગઝલની પાશ્વભૂમિમાં આવો એક ચહેરો છે. મેં એને બાળપણથી જોયો છે. માત્ર બુદ્ધિશાળી નહીં, Genius ખરેખર મેધાવી કહી શકાય. સ્વભાવે સરળ અને સીધો. એની કલ્પનાની દુનિયામાં જ એ ખોવાયેલો દેખાય. બાળપણમાં મેં એને સ્પષ્ટ ઉચ્ચારો સાથે શ્લોક અને મંત્ર કરતો જોયો છે. એની ઉંચાઈ અદ્‌ભુત હતી. દુનિયાદારીની કોઈ ખબર નહીં. માણસને અને બનનારી ઘટનાને ઘડીકમાં સૂંઘી લેવાની તેનામાં શક્તિ હતી. એની લાગણીશીલ આંખો શબ્દો વગર પણ બધું જ કહી જતી હતી. હજુ હમણાં સુધી તેને મળનાર મારા મિત્રોએ કહ્યું કે એને દુનિયાનો રંગ લાગ્યો નથી. એને આ દુનિયાની ખબર જ નથી. એ આ દુનિયાનો માણસ જ નથી. એનું નામ તો પછી પડ્યું. હું એને એથીય પહેલાંનો ઓળખું છું. પરંતુ હવે એટલું તો કહી શકાય કે હવે એ એવો નથી રહ્યો. એ રેશમી માણસ, બિલકુલ Silky વ્યક્તિત્વ, પરંતુ રેશમી દોરીમાં ગાંઠ પડતી જાય તો તેને ઉકેલવી અઘરી હોય છે. એના રેશમી વ્યક્તિત્વમાં ગાંઠો પડતી જ ગઈ. એટલી બધી ગાંઠો પડતી ગઈ કે એ સાવ ગંઠાઈ ગયો. એનો વિકાસ કુંઠિત થઈ ગયો. ઘણીવાર વિચારું છું કે કેવો ઠાવકો અને ઠરેલો થઈ ગયો છે? ખરેખર તો સાવ મૂર્છિત થઈ ગયો હોય તેવો લાગે છે.

એની સરળતાએ પહેલીવહેલી વાર દંભ જોયો ત્યારે એ એવો ડઘાઈ ગયો હતો કે, એ રાતભર ઉંઘી નહોતો શક્યો. અને પછી તો બધાનાં દંભ જોતો ગયો, ડઘાતો ગયો, રાતભર જાગતો ગયો અને જાણે જે સુલભ જીવન હતું એનાથીય વંચિત થઈ ગયો. તમને એની પૂજા કરવાનું મન થાય એવી વ્યક્તિ હતો. સાચા અર્થમાં ભગવાનનો માણસ હતો.



**મેં એને ઘણીવાર મનમાં ને મનમાં સમસમી જતો જોયો છે. ક્યારેક લાગ્યું છે કે પોક મૂકીને રડી પડશે. પણ એની આગ ઝરતી આંખો કહેતી હતી કે બધા જ પ્રસંગોને ગળી જતો હતો. એકવાર તો મેં એને જોયો કે હાથમાં પકડેલો કાચનો પ્યાલો ફૂલની માફક તેણે મસળી નાખ્યો. આંખથી જે ભાવ આંસુ બની ને વહી ના શક્યો એ ભાવ ઘવાયેલા હાથમાંથી લોહી બનીને વહી રહ્યો હતો.**

પણ આ જ દુનિયાએ એને એટલી ઠોકરો ખવડાવી કે ઠોકરો ખાતા ખાતા સાવ ખંડિત થઈ ગયો. મેં એને ઘણીવાર મનમાં ને મનમાં સમસમી જતો જોયો છે. ક્યારેક લાગ્યું છે કે પોક મૂકીને રડી પડશે. પણ એની આગ ઝરતી આંખો કહેતી હતી કે બધા જ પ્રસંગોને ગળી જતો હતો. એકવાર તો મેં એને જોયો કે હાથમાં પકડેલો કાચનો પ્યાલો ફૂલની માફક તેણે મસળી નાખ્યો. આંખથી જે ભાવ આંસુ બનીને વહી ના શક્યા એ ભાવ ઘવાયેલા હાથમાંથી લોહી બનીને વહી રહ્યાં હતાં.

ઘરની એકતા ટકાવવા માટે મેં એને છેક છેલ્લા શ્વાસ સુધી ઝઝૂમતો જોયો છે. ઘરની એકતા ટકી ગઈ હતી પણ એ પોતાની અંદર ને અંદર ટુકડાઓમાં વિભાજીત થઈ ગયો હતો.

આજે વિચારું છું કે એ શખ્સ કેટલો મૌલિક હતો? કેટલો original હતો? ઉપનિષદ જેવી એની વાણી હતી. ઉપનિષદના મંત્રો જેટલી જ તાજગી તેની વાણીમાં હતી. પરંતુ આ દુનિયાએ તેને એવા પાઠ પઢાવ્યા, એટલા પાઠ પઢાવ્યા કે એ પંડિત બની ગયો, બેકાર બની ગયો છે. માણસ તરીકે પણ બેકાર બની ગયો છે. દુનિયાની દૃષ્ટિએ કામનો અને પોતાની જાત માટે નકામો થઈ ગયો છે. એ માણસને હું બાળપણથી ઓળખું છું. બાળપણથી આજ સુધી હું એને જોતો આવ્યો છું. કદાચ આ માણસ પ્રત્યેકની અંદર હોઈ શકે.



જયમલ્લ પરમાર

**અષાઢ વરસે શ્રાવણિયા મેળા ભરાય. કૃષિપ્રધાન જીવનમાં ખેતીનો મહિમા છે. વરસાદી ખેતી ગ્રામીણ અર્થતંત્રમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વરસાદ સારો થયા પછી મન સધિયારો અનુભવે છે અને વરસ સારું જવાનો આનંદ ઉત્સવ બને છે. આવો જ એક મેળો એટલે તરણેતરનો મેળો-આ વિષે જયમલ્લ પરમારનો લેખ પ્રસંગોચિત બનશે.**



તરણેતરનો મેળો, ૧૯થી ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૨

# તરણેતરના મેળાનાં લોકગીતો:

૧૯૫૮થી ૧૯૬૪ સુધી, અમે ઘણાંબધાં તરણેતરનો સુપ્રસિદ્ધ મેળો કરવા રાજકોટથી જાડા જૂથમાં ઊપડતા. એમાં રાજકોટ આકાશવાણીના ચંદ્રકાંત ભટ્ટ, ઉપેન્દ્ર ત્રિવેદી, સ્વ. હેમુ ગઢવી, સૌરાષ્ટ્ર સંગીત-નાટક અકાદમીના રામજીભાઈ વાણિયા, કનૈયાલાલ જાંવડા, સ્વ.બાપાલાલ રાવળ વગેરે. થાનગઢના સુવિખ્યાત ફોટોગ્રાફર સ્વ.સુલેમાન પટેલ પણ અમારી સાથે જોડાઈ જતા સ્વ. માનભાઈ ગઢવી, કરસન પઢિયાર, સ્વ કનુભાઈ બારોટ વગેરે લોકગીત-ગાયકોનો જમેલો જામતો. સ્વ.બલરાજ સહાની જેવા આજન્મ નટ અને કલાવિશારદ આપણી લોકસંસ્કૃતિને જાણવા, માણવા અને સમજવા માટે તરણેતરને આંગણે ઊતરતા. રાત-દિવસ અમારી બેઠકો ચાલતી.

તરણેતરના મેળામાં દિવસ અને રાત જે કાંઈ ગીતો સાંભળવા મળે તેનું આકાશવાણી તરફથી રેકોર્ડિંગ કરતા અને સારી સારી તસવીરો પણ પાડતા.

રાતના વખતે તરણેતરથી થોડે દૂર આવેલા 'પાપનાશણા'ના થાનકમાં ૨૦૦-૨૦૦ ભરવાડ ભાઈ-બહેનોના રાસડા લેવરાવતા. ભારતીય સંગીત 'મેલોડી'નું એટલે કે સ્વરમાધુર્યનું સંગીત કહેવાય છે. જ્યારે પાશ્ચાત્ય સંગીત 'હાર્મની'નું એટલે કે વિવિધ સ્વરોની સંવાદિતાનું ગણાય છે. પણ આપણા રાસડાના ગીતોમાં અમે પાપનાશણામાં આવા વિવિધ સ્વરોનું હાર્મનીનું સંવાદિત્ય માણ્યું. બસ્સો ભાઈ-બહેનો એક જ ગોળાકારમાં રાસ લેતા અને માઈક ન હોવાથી એક ગીત સો માણસો ઝીલી શકે ને ત્યાંથી બીજું ગીત ઊપડે અને સો માણસો ઝીલે. પાછા ભાઈઓ અને બહેનોના સ્વરો પણ વિવિધ તાલ એક, ગીત બે ને સ્વરો અનેક.

આ બધાં ગીતો અમે દિનરાત ગુંજ્યા કરતા. મેળાથી પાછા ફરતાં સ્વરોને ઘૂંટતા. આટલું છતાં 'મારે જાવું સમદરીઆ તીરે એ ઓલ્યે કાનુડે મને બાણ માર્યાં છે રે' એમાં 'તીર રે' અને 'ઓલ્યે'નો લહેકો તરણેતરના મેળામાં ગવાતો હતો તેવો અમારામાંથી કોઈ પકડી નહિ શકેલ. એવું જ 'મોર બોલે ને ઢેલડ રિસાણી'એ ગીતની કડી 'હેક' એવા ઉચ્ચાર ઉપર વજન આપીને બે-એક માત્રા છોડી દઈને જે આંચકો અપાતો તે પણ અમે યથાતથ આજ સુધી કોઈ પકડી શક્યા નથી. એવું જ 'મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે'એ ગીતના ભાવભર્યા લહેકા, આંચકાનો ઉઠાવ હજી સુધી તરણેતરની બહેનો જેવો કોઈ આપી શકતું નથી.

આનું એક કારણ એ છે કે દરેક પ્રદેશની બોલીને પ્રાકૃતિક એવા એનાં ચોક્કસ વજન, ચોક્કસ ઉચ્ચાર, લહેકા અને ચોક્કસ હલકદાર વળોટ હોય છે એ બીજા પંથકના લોકો માટે સહજ નથી હોતા. પ્રત્યેક પ્રદેશના

**લોકગીતો લોકોના નિરાળા જીવન-સંઘર્ષમાંથી પેદા થતાં હોય છે. એથી એની નાની સરખી જીવનઘટનામાં પણ સાર્વજનિક સંવેદન રહેલું હોય છે. વધુ તો એના પ્રાકૃતિક સંકેતો જ જીવનના મર્મસ્થાનોને વીંધે છે. વિવિધ સ્વરોની સંવાદિતાની જેમ એના જીવનવૈવિધ્યમાં પણ મધુર સંવાદિતા રહેલી હોય છે. મોતીની માછલીને આઘાત લાગે કે કશાકથી વિંધાય ને એમાંથી જેમ મોતી પકવતો રસ ઝરે, એવું જ લોકજીવનના આઘાતોમાંથી ઝરેલો મોતી પકવતો રસ તે આ લોકગીતો છે.**

સ્વરભંગનું પણ નિરાળું લાલિત્ય હોય છે. એ જે તે પ્રદેશની જ ખાસિયત હોય છે. જેવું એનાં સ્વર-સંગીતમાં, એવું જ એનાં રાસડા કે રાસના નર્તન અને અંગભંગમાં પણ હોય છે. એ જ એનાં વૈવિધ્યની મજા છે. દરેક પ્રદેશના લોકોના અંગના અને સ્વરના આંચકા વચ્ચે જે એક સંવાદિત્ય સર્જાય છે એમાંથી એની મધુર લયકારી પેદા થાય છે. એનાં સ્વર, અંગભંગ અને તાલબદ્ધતામાંથી જે લયકારી પેદા થાય છે, તેમાંથી જ ભાવમયતા સર્જાય છે.

ગીતોમાં આમ જુઓ તો એના એ શબ્દોનું પુનરાવર્તન થતું હોય છે. હકીકતમાં એ પુનરાવર્તન જ એને ભાવમયતામાં સ્થિત કરે છે. પછી જે સંગીત અને શબ્દોનું, નૃત્ય અને અંગભંગીનું એકધારું વૈવિધ્ય માંગતા હોય છે તેને વિવિધતાનું મનોરંજન જોઈતું હોય છે, ભાવમયતા નહિ.

લોકસંગીતમાં જેમ શબ્દોનું પુનરાવર્તન રહેલું છે તેમ શાસ્ત્રીયસંગીતમાં એના સ્વરોનું પુનરાવર્તન રહેલું હોય છે. એક વાત ભૂલવા જેવી નથી કે મોટાભાગનું શાસ્ત્રીયસંગીત એ બેઠા બેઠા ગાવાનું સંગીત છે. જ્યારે મોટાભાગનું લોકસંગીત એ નૃત્ય છે. એટલે રાસ, રાસડા, ગરબા કે ગરબીનું સંગીત બેઠા બેઠા ગાવા માટે નથી. એને સ્વર, લય, અને તાલપ્રધાન બનાવવામાં આવે પછી શબ્દો લોકગીતોના રહે છે ને સંગીત સ્ટુડીયોસર્જિત બને છે. લોકનું તત્ત્વ એમાંથી નાશ પામે છે માલ ખપાવવાની દૃષ્ટિએ એનું બજારીકરણ થાય છે.

લોકગીતો લોકોના નિરાળા જીવન-સંઘર્ષમાંથી પેદા થતાં હોય છે. એથી એની નાની સરખી જીવનઘટનામાં પણ સાર્વજનિક સંવેદન રહેલું હોય છે. વધુ તો એના પ્રાકૃતિક સંકેતો જ જીવનના મર્મસ્થાનોને વીંધે છે. વિવિધ સ્વરોની સંવાદિતાની જેમ એના જીવન વૈવિધ્યમાં પણ મધુર સંવાદિતા રહેલી હોય છે. મોતીની માછલીને આઘાત લાગે કે કશાકથી વિંધાય ને એમાંથી જેમ મોતી પકવતો રસ ઝરે, એવું જ લોકજીવનના આઘાતોમાંથી ઝરેલો મોતી પકવતો રસ તે આ લોકગીતો છે. કેટલાંય લોકમેળામાંથી ગીતો એકનાં એક, પણ વિવિધ રૂપે મળે છે. તરણેતરના મેળામાં ગવાતાં ગીતોમાં બહેનો ત્રણ તાળી અને સાત તાળીનાં ગીતો વધારે ગાય છે. સાત તાળીને 'હાજા' કહેવાય છે. તરણેતરમાં હાજા, હોડા, ઘૂમ્મરો, હમચી, ટીટોડો વગેરે લોકનૃત્યો લેવાય છે ને એ પ્રમાણે એનાં ગીતોનાં ઢંગ બદલાતા રહે. કોળી અને ભરવાડોના તાલરાસના આ બધા મનભાવન પ્રકારો છે.

પુરુષો એકલા નાચે-ગાય છે તેમા આદિવાસીઓની જેમ બે હારમાં સીધી લાઇનમાં ગોળ ફરતા, નાચતા, ફાળિયા ઉલાળતા આગળ વધે છે ને ફરી એ જ રીતે પાછા ફરે છે. એ ૧૨ માત્રાના મણિયારાના ઢંગમાં અતિ વિલંબિત લયમાં ગાય છે. એનું નર્તન પણ એટલું જ પ્રમાણબદ્ધ, તાલબદ્ધ, વિલંબિત હોય છે. અસાધારણ વિલંબિત લય પાંચાળના ભરવાડો આજથી ૪૦ વર્ષ પહેલાં સુધી સહજભાવે એકધારી જાળવી રાખતા.

મણિયારાના કરુણઘેરા ને વીરરસ મિશ્રિત ભાવો એવા ચોટદાર હોય છે કે મણિયારાના ઢંગથી ગવાતાં ગીતોને પછી 'મણિયારો' કહેવાવા લાગ્યો. એના ૧૨ માત્રાના તાલને પણ મણિયારો કહે છે.

તરણેતરના મેળામાં લાડણઘેલા લોકડિયાંનાં જે ગીતો અમે મનભરીને નૃત્ય સાથે માણ્યાં છે, તે હવે જોઈએ... **પેજ નં.૧૬ અને ૧૭ પર...**

**(સૌજન્યઃ રાજુલ દવે, રાજકોટ)**



તસવીરોઃ વિવેક દેસાઈ

## નાહોલિયો નાનો નાયકજી...

સામા કાંઠે વેલડાં આવ્યાં,
ને આવતા દીઠાં નાયકજી...
વેલડાનો હાંકનાર નાનો,
નાહોલિયો નાનો નાયકજી,

ઘડીક ઊભલાં 'ર્યોતો હું,
કડલાં પેરું નાયકજી...!
કડલાંનો વોરનાર નાનો,
નાહોલિયો નાનો નાયકજી...

ઘડીક ઊભલાં 'ર્યોતો હું,
કાંબિયું પેરું નાયકજી..!
કાંબિયુંનો વોરનાર નાનો,
નાહોલિયો નાનો નાયકજી

ઘડીક ઊભલાં 'ર્યોતો હું,
હારલો પેરું નાયકજી...!
હારલાની વોરનાર નાનો જી
નાહોલિયા નાનો નાયકજી

ઘડીક ઊભલાં 'ર્યોતો હું,
પારલો પેરું નાયકજી..!
પારલાનો વોરનાર નાનો,
નાહોલિયો નાનો નાયકજી

ઘડીક ઊભલાં 'ર્યોતો હું,
દાણિયું પેરું નાયકજી...!
દાણિયાનો વોરનાર નાનો
નાહોલિયો નાનો નાયકજી...!



## રે મારી અદલ સોનારણ

અદલ સોનારણ બદલ સોનારણ
સોનારણ ફૂલનો ગજરો રે, મારી અદલ સોનારણ
કે તો સોનારણ કડલાં ઘડાવી દઉં...!
કાંબિયુંનાં બાનાં ભૂલ ગઈ રે
મારી અદલ સોનારણ

## મારે ટોડલે બેઠો મોર


મારા ટોડલે બેઠો રે.. મોર કાં બોલે !
મારા હૈડા હારોહાર, મારા દલડાં લે 'રે જાય
જનાવર જીવતાં ઝાલ્યાં રે... મોર કાં બોલે !
મારા કડલે બેઠો રે.. મોર કાં બોલે !
મારી કાંબિયું લે'રે જાય,
જનાવર જીવતાં ઝાલ્યાં રે મોર કાં બોલે !

## કાન-ગોવાળણ ઊતર્યાં

જૂનાગઢથી ગોવાળણ ઊતરી રે
મથુરામાં ઊતર્યા કાન રે
ગરબે રમે તો વેલા આવજો ને

## હીરાગર મોરલા ઊડી જાજે

મારા હીરાગર મોરલા ઊડી જાજે....
ઊડી જાજે સામે વડલે જાજે...
મારા પગ કેરા કડલાં લેતો જાજે
લેતો જાજે સામે વડલે જાજે..





આપના સપનાઓ ને કરો સાકાર.
હોમ લોન ૬ દિવસ માં | કાર લોન ૨ દિવસ માં
હોમ લોન પર વ્યાજ દરમાં 0.25% થી 0.50% ની છૂટ*
કોઈ પ્રોસેસિંગ ચાર્જ નહીં*
મુદત પહેલા ચૂકવણી પર કોઈ ચાર્જ નહીં*
કાર લોન પર વ્યાજ દરમાં 0.50% ની છૂટ*
*શરતોને આધીન.
સંપર્ક કેન્દ્ર
1800 22 33 44
1800 102 44 55
*ઓફર મર્યાદિત સમય માટે જ
જલ્દી કરો ! આપની નજીકની શાખા નો સંપર્ક કરો.
BARODA next
STATE-OF-THE-ART. STRAIGHT FROM THE HEART.
www.bankofbaroda.com
बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda
भारत का अंतर्राष्ट्रीय बैंक



હર્ષ બ્રહ્મભટ્ટ

# વરસાદનો સાદ...



## વરસાદ

આખાયે આકાશમાં
ઘનઘોર ગોરંભો
ભીતર પણ
ગોરંભાતું જાય કશુંક
બારેય મેઘ
ખાંગા થઈને વરસ્યા
ને પછી,
પણે આ ઉઘાડ નીકળ્યો.
અંદરના
ગોરંભનું શું?

## વરસાદ

ખાંગા થઈને વરસે
ફરી બારેય મેઘ;
ભીતર ઊછળે
રણનાં મોજાં.

## વરસાદ

ક્યાં છે બીજ?
ક્યાં છે મોતી?
ક્યાં છે ધાગો?
ક્યાં છે વીજ?

## વરસાદ

દૂર નીલાકાશે
પ્રથમ વાદળ,
સોનેરી કોરવાળું
માટીનાં કણેકણમાં,
સળવળે સોનું

કવિ હર્ષ બ્રહ્મભટ્ટનાં કાવ્યસંગ્રહ 'મૌનની મહેફિલ'માંથી સાભાર
પ્રકાશકઃ નવભારત સાહિત્ય મંદિર



અનુરાધા દેરાસરી

# અનુરાધા દેરાસરીના ત્રણેય પુસ્તકોમાં છે... નારીની વેદના-સંવેદના અને અનુભવ વિશ્વ

'જયહિંદ','ગુજરાત સમાચાર' 'સખી' અને 'શ્રી' માં મહિલાઓના વિષયને લગતા વિવિધ લેખો લખતા અનુરાધા દેરાસરીના ત્રણ પુસ્તકો હાલમાં જ પ્રગટ થયાં છે. 'નારીઃ વિચારોનું મોરપીંછ', 'ગૃહિણી ગૃહમુચ્યતે' અને 'નારી સંસ્કારોનું ગોકુળધામ' આ ત્રણેય પુસ્તકો અનુરાધા બહેનની વિષયની ગહન સોચ, સંશોધન અને અવલોકનના અંતે મેળવેલું નવનીત છે. આ ત્રણેય પુસ્તકો સ્ત્રીની વેદના-સંવેદના, અનુભવ વિશ્વને દર્શાવવાનો સુંદર પ્રયાસ છે. આ ત્રણેય પુસ્તકોનો પરિચય મેળવીએ તો...






**નારીઃ વિચારોનું મોરપીંછઃ** જેમ મોરપીંછના જુદા જુદા શેડિંગ સાથે અનેક રંગો એક જ પીંછામાં હોય છે. તેમ આ પુસ્તકમાં સ્ત્રીઓના અંતરંગના વિવિધ વિષયો એકસાથે આવરી લેવાયા છે. તેમાં નારીની હૃદયવાણીથી માંડી રોબોટિક આધુનિક નારી સુધીની વાત છે. નારીના જીવનમાં ઊઠતાં બળાત્કાર, ભ્રૂણહત્યા, અંધશ્રદ્ધા, સેરોગસી જેવા પ્રશ્નો પર ફોકસિંગ કરી અધિકારોની માગણી છે, તો સામે, કૌટુંબિક પ્રશ્નોમાં સ્ત્રીની ફરજોની વાત છે. સાથે સાથે સ્ત્રીના વૃદ્ધાવસ્થાનું આયોજન જેવા નારીના અંતઃરંગ વિષયોની છણાવટ છે, જે ભારતીય નારીના વિકાસગાથાની નાની સરખી ઝલક કહી શકાય.

**પ્રકાશકઃ** નવભારત સાહિત્યમંદિર, **કિંમતઃ** ₹ ૧૦૦

**ગૃહિણી ગૃહમુચ્યતેઃ** ગૃહિણી એટલે ભારતીય સમાજની પાયાની ઇંટ, કુટુંબની ધરોહર, ગૃહિણી એટલે જ ઘર અને ગૃહનું માધુર્ય જે ગૃહિણી વડે જ જળવાય છે. આ પુસ્તકમાં ગૃહિણી અને તેના ગૃહ અંગેના વિવિધ વિષયોને આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે. ગૃહિણીના ટાઇમ મેનેજમેન્ટને લઇને હોમવર્ક, ગૃહસજાવટ અને નિવૃતિના સમયની વાત જેવા જેવા અનેક પાસા આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે. ટૂંકમાં આ પુસ્તક ગૃહિણી અને તેના ગૃહની અંશતઃ યાત્રા કહી શકાય.

**પ્રકાશકઃ** નવભારત સાહિત્યમંદિર, **કિંમતઃ** ₹ ૮૦





**નારી સંસ્કારોનું ગોકુળધામઃ** માતા જન્મદાત્રી અને સંસ્કારદાત્રીનું પણ છે. નારી-સંસ્કારોનું ગોકુળધામ આ પુસ્તકમાં માતા અને બાળઉછેરના વિવિધ પાસાંઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં માતાના હાલરડાંની જાદુઈ અસરોથી માંડીને બાળકને કેવા રમકડાં આપવા કે ટીનએજની મુગ્ધ અવસ્થા સુધીના વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. માતા-પિતા જ્યારે વૃદ્ધ થાય ત્યારે બાળકોના સહારાની જરુર પડે છે, પણ આધુનિક સમયના સંતાનોને માતા-પિતા માટે ફુરસદ નથી. આથી માતાના ઇ-મેલથી પુસ્તકનો અંત આવે છે. ભારતીય નારીના માતૃત્વને ઘણે અંશે આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે.

**પ્રકાશકઃ** નવભારત સાહિત્યમંદિર, **કિંમતઃ** ₹ ૯૦

# શિવમહિમ્નઃ સ્તોત્રમ્

(ભૂમિકા તથા ભાવાનુવાદ સાથે)

## ઘેર બેઠાં દર્શન કરો બારે-બાર જ્યોતિર્લિંગના અને
## ઉજવો બારેમાસ ભક્તિનો ઉત્સવ







સંગીત રચનાઃ રસિકલાલ ભોજક

સંગીત આયોજન : શ્યામલ-સૌમિલ મુનશી

પરામર્શક : ડો. વાસુદેવ પાઠક 'વાગર્થ'

ગાયક કલાકાર : આરતી મુનશી, સૌમિલ મુનશી, શ્યામલ મુનશી

નીરજ પાઠક, અસીમ મહેતા, પ્રહર વોરા, ભૂમિક શાહ, હેતલ રાવલ, હરિતા દેસાઇ, શ્રુતિ મોદી, હિમાલી વ્યાસ અને આનલ મહેતા

સંપર્કઃ હાર્દિક જોશી - મો. ૯૮૨૫૬ ૧૧૯૩૫ • ટચિંગ ટ્યૂન્સ, ૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ, અમદાવાદ-૬ ફોનઃ (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫ • ઈ-મેઈલઃ touchingtunes@yahoo.com

વ્યાપારી પૂછપરછ આવકાર્યઃ નેશનલ મ્યુઝિક સેન્ટર, કેલિકોડોમ સામે, રિલીફ રોડ, અમદાવાદ-૧, ફોનઃ (૦૭૯) ૨૨૧૩૩૩૦૨, ૨૨૧૩૮૨૮૮

## દરેક મ્યુઝિક સ્ટોરમાં ઉપલબ્ધ



## અવિનાશ વ્યાસના જન્મ શતાબ્દિ-વર્ષ સમાપન વેળાએ... તેમનાં વૈવિધ્ય-સભર

**'અમર સદા અવિનાશ'** એ એક કાવ્યપંક્તિ કે ઉક્તિ નથી, પણ કલાપ્રેમી હૈયાનો ઉદ્‌ગાર છે. અવિનાશભાઇએ ગુજરાતી સંગીતને ઓળખ આપી, એનો ચહેરો ઘડ્યો. ગુજરાતી સંગીત એટલે લોકસંગીત એવી માન્યતાને એમણે બદલી નાખી અને એને એના ભાવકોના હૈયે ને હોઠે ગુંજતાં કર્યાં.

અવિનાશભાઈના ગીતોની સંખ્યા વિશે પ્રર્વતતા મત મતાંતરને બાજુ પર રાખીએ તો પણ ઘણી મોટી સંખ્યામાં એમણે ગીતો લખ્યાં-જેમાં ગીત, ગરબા, ભજન ઉપરાંત નૃત્યનાનાટિકાઓનો સમાવેશ થાય છે. અને એ પોતે સ્વરકાર હોવાના કારણે આ રચનાઓ સ્વરબદ્ધ સ્વરૂપે મળી છે. અલબત્ત, આજે



કવિ શ્રી તુષાર શુક્લ

હવે એમાંના બહુ જ થોડા ગીતો ગવાય છે, રંગમંચ પરથી રજૂ થાય છે. હવે તો આ ગીતો ગાનારી પાંચમી પેઢી સક્રિય છે અને એમની પાસે અવિનાશભાઈના અતિલોકપ્રિય ગીતોની જ જાણકારી છે. હવે આજ થોડા ગીત ગવાય છે, સંભળાય છે, ફરમાઇશ થાય છે. પરિણામે અવિનાશભાઈની વિશાળ સર્જનસૃષ્ટિમાંથી આજે હવે બહુ જ અલ્પ ગીતો ગવાય છે અને પરિચિત રહ્યાં છે. આવી પરિસ્થિતિ સર્જકને અન્યાયકર્તા સાબિત થાય છે.

અવિનાશભાઈએ ઋતુઓ, પર્વો, સંબંધો, પ્રસંગો અને પરિસ્થિતિઓને ગીતવિષય બનાવ્યા છે. એમાં સમયસંદર્ભો પણ



## ...ર સ્વરાંકનો દ્વારા સ્વરાંજલિ

# અમર સદા અવિનાશ



ગૌરાંગ વ્યાસને આવકારતા
આરતી મુનશી અને શ્યામલ મુનશી.



દીપપ્રાગટ્ય કરી રહેલાં પ્રસિદ્ધ પિતાનાં સિદ્ધ પુત્ર ગૌરાંગ વ્યાસ.



અમદાવાદના ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે યોજાયેલા 'અમર સદા અવિનાશ' કાર્યક્રમને માણી રહેલાં ગૌરાંગ વ્યાસ, નયના વ્યાસ તથા એમનાં પરિવારજનો

સચવાયા છે અને સંવેદનસભર શબ્દચિત્રો પણ રચાયા છે. જોડકણાંથી માંડીને જીવનચિંતન પણ એમાં ઝળકે છે. અને આ સઘળું ગીતના પ્રધાન લક્ષણ, સરળતા અને લયબદ્ધતાને સાચવતાં આલેખાયાં છે. અવિનાશભાઈના શબ્દ અને સ્વર સરળતાથી સમજાય છે, સમજાય એટલે ગમી જાય છે, ગમી જાય છે એટલે ગવાય છે ને વારંવાર સંભળાય છે. અવિનાશભાઈ સુગમ શબ્દ અને સુગમ સ્વરમાં સુગમ વિચારને પ્રગટાવે છે. આવી ત્રિવિધ સુગમતાના ત્રિવેણી સંગમને તીરે વસેલું તીર છે અવિનાશ વ્યાસ.

**'સ્વરસેતુ'**ના કાર્યક્રમ **'અમર સદા અવિનાશ'** સંદર્ભે કશું લખતાં પૂર્વે આટલી પાર્શ્વ ભૂમિકા એટલા માટે જરૂરી લાગી કે **'સ્વરસેતુ'**ની રજૂઆતના મૂળમાં પણ આજ ભાવ હતો. લોકપ્રિય ગીતોની મર્યાદિત જાણકારી છતાં **'અખંડ અવિનાશી રોજી'**રળી શકાતી હોય ત્યાં આવી રજૂઆત વિશેષ નોંધપાત્ર બને છે. આવી રજૂઆત કલાકારોની સજ્જતા અને સાધના ઉપરાંત એમની સંશોધન અને અભ્યાસવૃત્તિ વગર સંભવ ન બને. અવિનાશ વ્યાસની વ્યાપક સર્જનસૃષ્ટિમાંથી આડે હાથે મૂકાઈ ગયેલાં ગીતોની રજૂઆત માટે હિંમત જોઈએ, આત્મવિશ્વાસ જોઈએ. શ્રોતાઓની પસંદનું પીરસવાનો સરળ અભિગમ અપનાવવાને

**અવિનાશ વ્યાસની વ્યાપક સર્જનસૃષ્ટિમાંથી આડે હાથે મૂકાઈ ગયેલાં ગીતોની રજૂઆત માટે હિંમત જોઈએ, આત્મવિશ્વાસ જોઈએ. શ્રોતાઓની પસંદનું પીરસવાનો સરળ અભિગમ અપનાવવાને બદલે અજાણી વાનગી પીરસવાનો પડકાર ઝીલવાની તૈયારી દાદ માંગે છે અને 'સ્વરસેતુ'ના મુનશીબંધુઓએ તે માટે પૂરતું 'ઘર-કામ' કર્યાનું અનુભવી શકાયું.**



કાર્યક્રમ માણી રહેલાં અમદાવાદના માનનીય મેયર શ્રી હસિત વોરા અને હેમાંગિની બહેન



'ઝૂકી પડ્યો ઊંચો હિમાલય...' સૌમિલ મુનશી

બદલે અજાણી વાનગી પીરસવાનો પડકાર ઝીલવાની તૈયારી દાદ માંગે છે અને **'સ્વરસેતુ'**ના મુનશીબંધુઓએ તે માટે પૂરતું **'ઘર-કામ'** કર્યાનું અનુભવી શકાયું. કાર્યક્રમની રંગમંચસજ્જા, ભાવકોને સતત અવિનાશભાઈના સાન્નિધ્યમાં લઈ જતી હતી. એમની પસંદ કરેલી રચનાઓના શબ્દોનું આલેખન શ્રોતાઓની આંખો સામે રહેતું હતું જે વાતાવરણ જમાવવામાં સહાયક સિદ્ધ થતું હતું. ગીતના ભાવ પ્રમાણેની પ્રકાશ વ્યવસ્થા પણ કાબિલ-એ-દાદ હતી. કાર્યક્રમની પ્રસિદ્ધિ માટે જાણીતી રેડિયો ચેનલ Red FM નો સહયોગ સાંપડ્યો એ પણ નોંધપ્રદ હતું. કાર્યક્રમનાં આરંભે **'અમર સદા અવિનાશ'** (કવિઃ તુષાર શુક્લ)ના ઉદ્‌ગાર સાથે અવિનાશભાઈના અત્યંત લોકપ્રિય ગીતો : **'માડી તારું કંકું'**
**'તને જાતા જોઈ પનઘટની વાટે'**
**'તારી બાંકી રે પાઘલડીનું ફૂમતુ'**
**'છાનું રે છપનું કંઈ થાય નહિ'**
**'પાંદડુ લીલું ને રંગ રાતો'**
**'હુતુતુતુ...'**
ની સંગીતસેર આરંભમાંજ પરોવીને કલાદેવીના શ્રીચરણોમાં સમર્પિત કરાઈ. સામાન્ય કાર્યક્રમોમાં આ ગીતો જે મહત્વ ધરાવે છે એ જોતાં ભાવકને જરૂર વિચાર થાય કે તો પછી હવે ગવાશે શું?

અને એનો ઉત્તર આપતાં **'સ્વરસેતુ'**ના કાર્યક્રમની પરિકલ્પના તૈયાર કરનારા શ્યામલ-સૌમિલે પસંદ કરેલા ગીતોની એક પછી એક સરસ ને સફળ રજૂઆતે ભાવકોને ડોલાવી દીધાં. કલ્યાણી કૌઠાળકરે મધુર કંઠે **'ગાગર લઈને પનઘટ જાતાં'**, **'શ્રાવણની એ સાંજ હતી'**, દિવ્યાંગ અંજારિયાએ, **'તારા દુઃખને ખંખેરી નાખ'**, **'તમે કેમ છો બસ પૂછ્યું એટલું મેં'**-દ્વારા ઉપસ્થિતોને પ્રસન્ન કર્યાં. **'સ્વરસેતુ'**ના મંચ પરથી નવી નવી પ્રતિભાની રજૂઆત ભાવકોએ માણી છે. કોશા પંડ્યાએ પોતાની સાધનાનો પરિચય આપતાં **'પિયરને પીપળેથી આવ્યું પારેવડું'** અને **'છેલાજી રે'** રજૂ કર્યાં.

આરતી મુનશીને સવિશેષ લ્હાવો મળ્યો છે **'ભાઈ'**ના સંગીતસાન્નિધ્યનો. પરિણામે એમની સ્મૃતિમાં અવિનાશભાઈનાં અનેક સ્વરાંકનો સચવાયાં છે. અવિનાશભાઈના પુત્ર અને પ્રસિદ્ધ સંગીતકાર ગૌરાંગ વ્યાસ તો ઘણીવાર પ્રેમથી કહે છે કે, **'મારે આરતી પાસેથી ભાઈના સ્વરાંકનો શીખી લેવા છે!'** આરતી મુનશીએ આ કાર્યક્રમમાં, **'માડી,તારી સામે કેમ કરી મીટ માડું'**, **'જઈને તારી માવડી પાસે કહીશ રોતી રોતી'**, **'કેમ રે વિસારી ઓ વનના વિહારી'**ની રજૂઆત અને સૌમિલ મુનશીના સથવારે એમણે રજૂ કરેલો **'ટ્રાયો'** (**જાગો મોરે નંદલાલ, કોઈ જઈને કનૈયાને કે જો કે રાધા તારી વાટ જુએ, મને કોઈ ફૂલની સૌરભ ગમે નહીં પારિજાત લાવી દયોને પ્રાણપ્યારા**) એમની આ સજ્જતાનો પરિચય આપી ગયા. સૌમિલ મુનશીએ ગાંધીજીની હત્યાપ્રસંગે રડી ઉઠેલી કવિસંવેદનાના ઉદ્‌ગાર **'ઝૂકી પડ્યો ઊંચો હિમાલય'** અને જાણીતી રચના **'કહું છું જવાનીને'** રજૂ કરી જ્યારે ડૉ.શ્યામલ મુનશીએ તો વીતેલા વર્ષોની યાદગાર રચનાઓ, **'ભરી દે, કોઈ ભિક્ષુકની ઝોળી ભગવંત'** અને **'એક બેવફા મારા મનદર્પણમાં'** તથા **'આ આદિ-અંતની સંતાકુકડીમાં'** સાથ નિભાવતાં **'લાકડાં'**ની યાદ તાજી કરાવી ભાવકોની અપ્રતિમ દાદ મેળવી. કલાકારવૃંદે રજૂ કરેલી ગરબાની રસલ્હાણને પણ ભાવકોની તાળીઓનો તાલ સાંપડ્યો.



'આ આદિ-અંતની સંતાકુકડીમાં...' આરતી મુનશી, શ્યામલ મુનશી

અવિનાશભાઈની રમતિયાળ રચના **'ટેક્સી'**એ લોકોને મલકાવ્યા અને **'આયો રે આયો રે સાંવરી સૂરત વાળો'** પર તાળીઓના ગડગડાટ સાથે પડદો પડ્યો ત્યારે ભાવકોને જાણ પણ ન રહી કે એ સહુ અવિનાશ વ્યાસના અણજાણ્યા ગીતોના વનરાવનની કેડીએ ઘૂમ્યાં હતાં!

કાર્યક્રમનું અભ્યાસનિષ્ઠ સંકલન કરતા કવિ તુષાર શુક્લએ અવિનાશભાઈની વિવિધ રચનાઓના સંદર્ભો ટાંકીને એમની સર્જકતાનો પરિચય આપ્યો, એમાં હળવાશ, ચિંતન અને કવિત્ત્વસભર શબ્દચિત્રોનો સમાવેશ કર્યો ત્યારે શ્રોતાઓ પણ ઝૂમી ઊઠ્યા. એમણે અવિનાશ વ્યાસને થયેલા અન્યાય તરફ પણ આડકતરો ઈશારો કરતા લોકભોગ્યતા અને લોકપ્રિયતા પરત્ત્વેની સૂગનો ઉલ્લેખ કર્યો. અવિનાશભાઈ ગીત લખતા. ગીત એ કાવ્યપ્રકાર છે, અને અન્ય કાવ્યપ્રકાર (ગઝલ, સોનેટ, અછાંદસ)ની જેમ, ગીત પણ જો પોતાની પાસેની અપેક્ષા સંતોષતું હોય તો એ પણ એક સફળ કાવ્ય જ છે. સ્વરસંગાથે રજૂ થતી રચનામાં કાવ્યતત્ત્વ ઓછું હોવાની અને એની સુગમતા એની મર્યાદા હોવાની દલીલે જોર પકડ્યું અને નરસિંહરાવ દીવેટીઆનો **'સંગીતકાવ્ય'**નો પુરસ્કાર અને બળવંતરાય ઠાકોરનો **'વિચારપ્રધાન'** કવિતાના આગ્રહે સંગીતનો છેદ ઉડાડી કાવ્યનો પુરસ્કાર કર્યો. આ સમયે રંગમંચ, રેડિયો, નાટક, ફિલ્મ જેવા માધ્યમોની જરૂરિયાત સમા ગીતસંગીતને પ્રજાએ તો વધાવી જ લીધાં હતાં. અને અવિનાશભાઈના ગીતસંગીતે આ આવશ્યકતાને ભરપૂર પૂરી કરી. એમણે ગાતા ગુજરાતને ગાતું રાખ્યું. ગુજરાતણના હૈયાના ભાવને ઊલેચ્યા. એની સંવેદનાને સરળ શબ્દોમાં ગાઈ.

અવિનાશ વ્યાસ **'દૂધગંગા'**ની પ્રસ્તાવનામાં



નોંધે છે કે 'મારી કવિતાનો ગુન્હો એટલો જ છે કે એ ગાઈ શકાય છે. કવિતા અને સંગીત એ દેવી શારદાની બે આંખો છે. એક મેકનો જેટલો ઓછો સહકાર મળશે એટલું ઓછું અજવાળું લાધશે.'

પોતાના સમયમાં સામા પ્રવાહે તરીને પોતાની ઓળખ ઊભી કરી અવિનાશભાઈએ. એ પણ એક નોંધપાત્ર યોગાનુયોગ છે કે ઉમાશંકર જોશી(૧૯૧૧) અને અવિનાશ વ્યાસ (૧૯૧૨)નો જન્મ એક વર્ષના અંતરે થયો છે. જાણે કે કલાદેવીએ માતૃભાષા ગુજરાતીની જુદા જુદા માર્ગે સેવા કરવા બે પ્રતિભાઓને મોકલી આપી. પણ આ બંનેનું યુગકર્મ એકમેકનું વિરોધી નહિં, પૂરક છે. ઉમાશંકર કવિતાને 'આત્માની કલા' કહે છે. અવિનાશભાઈ સંગીતને 'કાળજાની કલા' કહે છે. ઉમાશંકર જોશી નામક શિખરનો માર્ગ અવિનાશ વ્યાસ નામક તળેટીમાંથી જાય છે.

'અમર સદા અવિનાશ' કાર્યક્રમમાં આ સર્જકની સર્જકતા અને એમના સર્જનકાળની પાશ્વભૂમિ વિશે પણ સંકલનકારે આપેલી માહિતીએ ભાવકોને અવિનાશી સંગીતનો મહિમા–વિશેષ સુપેરે સ્પષ્ટ થયો. એક પ્રજા

> **અવિનાશભાઈની રમતિયાળ રચના 'ટેક્સી'એ લોકોને મલકાવ્યા અને 'આયો રે આયો રે સાંવરી સૂરત વાળો' પર તાળીઓના ગડગડાટ સાથે પડદો પડ્યો ત્યારે ભાવકોને જાણ પણ ન રહી કે એ સહુ અવિનાશ વ્યાસના અણજાણ્યા ગીતોના વનરાવનની કેડીએ ઘૂમ્યાં હતાં!**

તરીકે આપણે એમનું સુયોગ્ય સ્મારક નથી રચી શક્યા એનો પણ એમણે સખેદ ઉલ્લેખ કર્યો. અવિનાશ વ્યાસના શતાબ્દિવર્ષના આરંભે, અમદાવાદમાં પંચવટી ખાતે આવેલ 'અવિનાશ વ્યાસ ચોક'ના ચિન્હને સૌમિલ–શ્યામલ–આરતી–તુષાર અને 'સ્વરસેતુ'ના


કાર્યાલયના મિત્રોએ સાથે મળીને સ્વચ્છ કરી પુષ્પો ચડાવેલા અને ત્યારે જ આ વર્ષમાં અવિનાશભાઈની સર્જકતાનો અભ્યાસ અને અનોખો અનુભવ કરાવે તેવા કાર્યક્રમનો શિવસંકલ્પ કરેલો તેનો અમલ પવિત્ર શ્રાવણ માસમાં કરીને એમની સ્વરવંદના કરી.

એક વાત તરફ ધ્યાન દોરવું ઘટે કે **'સ્વરસેતુ'**ના સરનામામાં પણ પંચવટી સર્કલને બદલે આરંભથી જ 'અવિનાશ વ્યાસ ચોક'નો જ ઉલ્લેખ થાય છે તે કલાકારોનો કલાકાર માટેનો અપાર આદર વ્યક્ત કરે છે. આ કાર્યક્રમમાં નગરપતિ શ્રી હસિત વોરા અને શ્રી ગૌરાંગ વ્યાસ અને નયના વ્યાસે સવિશેષ ઉપસ્થિત રહી કલાકારોને આશીર્વાદ આપી, રજૂઆતને પણ મનમૂકીને બિરદાવી. કોઈ જ દાવા વગરની, કેવળ લ્હાવા સમી 'સ્વરસેતુ'ની આ તદ્દન નોખી–અનોખી આત્મવિશ્વાસ અને અભ્યાસ સભર રજૂઆતને યુવાશ્રોતાઓએ પણ વિવિધ માધ્યમો દ્વારા વખાણી છે, તો વડીલોએ પણ વર્ષો પછી આ ગીતો સંભળાવવા બદલ કલાકારોને અભિનંદન પાઠવ્યા છે.

> **અવિનાશ વ્યાસની વ્હાલપના વારસદાર કલાકારોએ આ કાર્યક્રમ દ્વારા શતાબ્દિ વર્ષની પૂર્ણાહૂતિએ કરેલું આ સ્વરતર્પણ એક સંતર્પક અનુભવ બની રહ્યું. કોઈ જ દાવા વગરની, કેવળ લ્હાવા સમી 'સ્વરસેતુ'ની આ તદ્દન નોખી-અનોખી આત્મવિશ્વાસ અને અભ્યાસ સભર રજૂઆતને ભાવકોએ ભાવથી બિરદાવી**


અવિનાશ વ્યાસની વ્હાલપના વારસદાર કલાકારોએ આ કાર્યક્રમ દ્વારા શતાબ્દિ વર્ષની પૂર્ણાહૂતિએ કરેલું આ સ્વરતર્પણ એક સંતર્પક અનુભવ બની રહ્યું.

**એક હળવાશ ભર્યું સૂચનઃ** બંગાળના મુખ્યમંત્રીએ કલકત્તામાં જાહેરમાર્ગ પર રવિન્દ્રસંગીત વગાડવાનો આદેશ આપી શકે તો ગુજરાતમાં કવિ મુખ્યમંત્રી અવિનાશી સંગીત રજૂ થાય તેવી આજ્ઞા ન આપી શકે?!


**AHMEDABAD: LG BEST SHOP: S G ROAD** - DEV ARC ELECTRONICS, PRANAV ELECTRONICS, **MITHAKHALI:-** CRYSTAL CORPORATION, **AC SOLUTION PLAZA: SATELLITE** - COSBY ELECTRONICS, **LG SHOPEE: PRAHLADNAGAR** - SHIVAM SALES, **MOTERA ROAD** - SHAH APPLIANCES, **BAPUNAGAR** - SIDHHI SALES, **GANDHINAGAR** : CHANDAN AUTO AGENCY, **ANAND** : SANKET SALES, **NADIAD:** CHETAK MOTORS, **MEHSANA: JAIL ROAD** - HONEST ELECTRONICS, **T B ROAD** - SANSKAR SALES, **LG PREFERRED PARTNER : MEMNAGAR FIRE STATION** - MADHAV ENTERPRISE, **DEALER : S G HIGHWAY** - ELECTRONICS JUNCTION

LG_Cinema_3D_H_13cm x W_20cm_Magazine Ad



રઈશ મનીઆર

કવિ પરંપરાના ખભા પર ઊભો રહી પરિવર્તનનો ઝંડો લહેરાવે છે. કવિ કે કલાકારોને ઘણીવાર બાળસહજ શૌર્યમાં વાવટાઓને અડકતાં જવાની ખુમારીમાં એ ખ્યાલ નથી રહેતો કે આપણી દોઢ ફૂટની ઊંચાઈ, પરંપરાના ખભે ચડી ઊભા છીએ એટલે સાડા સાત ફૂટની ભાસે છે. શરૂઆતનાં વર્ષોમાં એક ગઝલ લખાઈ હતી.

**આખું જીવન અમે ધીરેધીરે લખ્યું**
**રેત પર જેમ પાગલ સમીરે લખ્યું**

**કોરા કાગળ ઉપર બસ સખી રે લખ્યું**
**એથી આગળ નથી કંઈ લગીરે લખ્યું**


**મજનૂ ફરહાદ મહીવાલ હીરે લખ્યું**
**લીરેલીરે ને આખા શરીરે લખ્યું**

**રોજ માણસ ઘવાતો રહ્યો ચૂપચાપ**
**જે લખ્યું તે નીતરતાં ઝમીરે લખ્યું**

**આપણે ક્યાં કદી કંઈ લખ્યું છે 'રઈશ'!**
**એક મીરાંએ લખ્યું, એક કબીરે લખ્યું**

કબીર અને મીરાંથી ગાલિબ અને મરીઝના રમણીય પડાવો પરથી પસાર થઈ આ કવિતા મારી પેઢીના કવિ સુધી આવી છે. કાલિદાસ અને હોમરની આ પ્રેમિકાના ચહેરે એકેય કરચલી નથી કે એનો એકેય વાળ શ્વેત નથી.

આ હકીકત તમામ યુગના કવિઓને હૃદયથી સદા યુવાન રાખે છે. યુગયુગાંતરથી ચાલતી આ પ્રેમકથા છે. એટલે વિચાર એવો પણ આવે કે.....



## અફસોસ કેટલાય મને આગવા મળ્યા
## ગાલિબને મારા શેર નથી વાંચવા મળ્યા

તો કેટલાકને થાય છે કે પરંપરા ઊલટી હોત તો સારું થાત. ભરત વિંઝુડા કહે છે

**અફસોસ કેટલાય મને આગવા મળ્યા**
**ગાલિબને મારા શેર નથી વાંચવા મળ્યા.**

કવિનો સંકેત એવો પણ છે કે શેર એવા છે કે ગાલિબ પણ શાબાશી આપ્યા વગર ન રહી શકે. સંકેત એવો પણ છે કે આ શેરોને દાદ આપે તો ગાલિબ આપે, મારી આસપાસના, મારા સમયના લોકોનું એ ગજું નહીં.

વર્તમાન સમય કદાચ પોતાની વચ્ચે જીવી રહેલા યુગમૂર્તિ ગઝલકારોને નથી પિછાણી કે પોંખી શકતો. ગાલિબને પણ એમના સમયમાં અર્થહીન બકવાસ કરનાર શાયર તરીકેની 'પ્રતિષ્ઠા' પ્રાપ્ત થઈ હતી. ગાલિબ નિઃસંતાન હતા. પણ કવિને વારસદારોની ખોટ નથી પડતી. ગાલિબને ઇશ્કની લાચારી પર રડવું આવતું હતું

**આયે હૈ બેકસીએ ઇશ્ક પે રોના ગાલિબ**
**કિસ કે ઘર જાયેગા સૈલાબે બલા મેરે બાદ**

ગાલિબને ચિંતા હતી કે અમારા જેવા



**આ ગઝલથી વફા કોણે ધારી હતી**
**મીરગાલિબની વિધવા સ્વીકારી હતી**

કવિને પૂર્વસૂરિઓ સાથે અનુબંધ હોય છે ગાલિબે કહ્યું કે

**રેખતે કે તુમ્હી ઉસ્તાદ નહીં હો ગાલિબ**
**કેહતે હૈ અગલે ઝમાને મેં કોઈ મીર ભી થા**



પ્રેમપૂજારીઓ રહેશે નહીં તો ઈશ્ક નામનું આ આફતનું પૂર ક્યાં જશે. એટલે દોઢસો વરસ પછી મુકુલ ચોકસીએ લખ્યું

**છોડ દે બેકસીએ ઈશ્ક પે રોના ગાલિબ**
**હમને ઘર કિસ લિયે રખ્ખા હૈ ખુલા તેરે બાદ**

ગાલિબના ઉલ્લેખવાળી સૂર્યભાનુ ગુપ્તની એક ગઝલ યાદ આવે છે.

**પહાડોં કે કદોં કી ખાઇયાં હૈ**
**બુલન્દી પર બહુત ઊંચાઇયાં હૈ**

**દિલોં કી બાત હોઠો તક ન આયેં**
**કસી યૂં ગર્દનો પર ટાઇયાં હૈ**

**હૈ ઐસી તેજ રફ્તારી કા આલમ**
**કિ લોગ અપની હી ખુદ પરછાઇયાં હૈ**
**નઈ તેહજીબ ને યે ગુલ ખિલાયે**
**ઘરોં સે લાપતા અંગનાઇયાં હૈ**

**મુતસ્સિર લોગ યૂં હૈ રોટિયોં સે**
**ખયાલો તક ગઈ ગોલાઇયાં હૈ**
**જો ગાલિબ આજ હોતે તો સમજતે**
**ગઝલ કેહને મેં ક્યા કઠિનાઇયાં હૈ**

વર્તમાન સમય કદાચ પોતાની વચ્ચે જીવી રહેલા યુગમૂર્તિ ગઝલકારોને નથી પિછાણી કે પોંખી શકતો. ગાલિબને પણ એમના સમયમાં અર્થહીન બકવાસ કરનાર શાયર તરીકેની 'પ્રતિષ્ઠા' પ્રાપ્ત થઈ હતી. ગાલિબ નિઃસંતાન હતા. પણ કવિને વારસદારોની ખોટ નથી પડતી.





સૂર્યભાનુજી એમ કહે છે કે, આજનો સમય ગઝલ કે અન્ય કળા માટે પ્રતિકૂળ છે. પણ પ્રત્યેક સમયનો, પ્રત્યેગ યુગનો એક તકાજો હોય છે. કળા સંસ્કૃતિની આંતરિક જરૂરિયાત છે. જેમ જ્યાં ઉનાળો, ત્યાં વરસાદ; એમ જ્યાં સંસ્કૃતિ, ત્યાં કળા. પ્રગતિની કે સંપન્નતાની દોડ વચ્ચે પણ ક્યાંક કળાની કૂંપળ ફૂટવાની જ. કળાનો, સાહિત્યનો અવાજ લાંબા સમય સુધી દબાઇને રહેતો નથી. દિગ્વિજયી શસ્ત્રધારીઓના ઘોડાના ડાબલાઓ મંદ પડી જાય એ પછી પણ, એમનાં સામ્રાજ્યોની જાહોજહાલીના સૂર્યો આથમી જાય પછી પણ, શબ્દોની સંપત કાળજયી બની મૃદુ હાસ્ય રેલાવતી વિલસતી રહે છે.

આપણા યુગના કાલિદાસ કે ગાલિબ કદાચ જન્મી ચૂક્યા હોય, કદાચ જન્મ લેવાની અણી પર હોય. નિરાશ થવાની જરૂર નથી. ભાષા અને સ્વરૂપ તો માત્ર ઓજાર છે, કવિતા અને કળા એનું પોષણ તો જીવાતાં જીવનમાંથી જ મેળવે છે.



# ચાલો ગુજરાત...
# જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત



અમદાવાદ ખાતે સુનિલ નાયક સાથે AIANA ના અમદાવાદ ખાતેના પ્રતિનિધિઓ

એસોસિએશન ઓફ ઇન્ડિયન અમેરિકન ઇન નોર્થ અમેરિકા (AIANA) દ્વારા 'તૃતીય ચાલો ગુજરાત વિશ્વ ગુજરાતી સંમેલન'નું શાનદાર આયોજન ૩૧ મી ઑગસ્ટ ૨૦૧૨ થી ૨ જી સપ્ટેમ્બર ૨૦૧૨ સુધી ત્રણ દિવસ માટે ન્યુજર્સીના રેરીટન એક્સ્પો સેન્ટર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં વિશ્વભરમાંથી આશરે ૪૦,૦૦૦ થી વધુ ગુજરાતીઓએ હાજરી આપશે.

આ ત્રિદિવસીય સંમેલનનું કેન્દ્ર બિંદુ 'ગુજરાત, ગુજરાતી અને ગુજરાતીઝ્મ' રહેશે. સમારોહની વિગતો આપતા AIANA ના પ્રેસિડેન્ટ સુનીલ નાયકે જણાવ્યું કે આ સમારોહ અગાઉના બન્ને સમારોહ કરતા કૈંક વિશિષ્ટ રહેશે. કાર્યક્રમોમાં વિવિધ વિષયો ઉપર સેમિનાર, ગુજરાતી ડાયરો, સંગીત તથા ગુજરાતની ચટાકેદાર વાનગીઓ પીરસવામાં આવશે. ઉપરાંત ગુજરાતી યુવતીઓ માટેની સૌંદર્યસ્પર્ધા તથા સંગીતસંધ્યા મહેમાનોનું વ્હાલભર્યું સ્વાગત કરશે.

આ સમગ્ર કાર્યક્રમમાં ગુજરાતની આગવી ઓળખ સમા **"ગીરના સિંહ"** તમામ સાહિત્યમાં કેન્દ્રસ્થાને રહેશે. તેમજ **'કેમ છો'**ને પણ વિશ્વસ્તરે લોકપ્રિય કરાશે. ગુજરાતના વીરપુરુષો મહાત્મા ગાંધી, સરદાર વલ્લભાઈ પટેલને ગુજરાતીઓના માનસપટ પર પુનઃજીવિત કરવા તેમની મીણ પ્રતિમાઓ મૂકવામાં આવશે. ત્રિદિવસીય સંમેલન દરમ્યાન ન્યુજર્સીમાં બેઠા બેઠા ગુજરાતમાં ટહેલતાં હોય તેવી ગોઠવણ કરવામાં આવી છે. ગુજરાતની વાનગીઓ ઉપરાંત **"અમદાવાદનો રિક્ષાવાળો"** વાતાવરણમાં જીવંતતા બક્ષવા ન્યુજર્સીમાં ૧૫ રિક્ષાઓ અને ૧૫ છકડામાં બધા પ્રેક્ષકોને પાર્કિંગના સ્થળેથી રિક્ષામાં કે



આપણું ગૌરવઃ હરીશ ભિમાણીનું અભિવાદન કરી રહેલાં AIANAના પ્રમુખ સુનિલ નાયક



અમેરિકાની ધરતી પર યોજાનારા ભવ્ય કાર્યક્રમ 'ચાલો ગુજરાત'માં શ્યામલ-સૌમિલ અને આરતી મુનશી તેમજ તુષાર શુક્લ દ્વારા પણ ગુજરાતી ગીત-સંગીતનો વિશિષ્ટ કાર્યક્રમ રજૂ કરાશે.

**૩૧ ઑગસ્ટથી ૨જી સપ્ટેમ્બર ૨૦૧૨ દરમ્યાન ન્યુજર્સી ખાતે યોજાનારા આ ત્રિદિવસીય સંમેલનનું કેન્દ્ર બિંદુ 'ગુજરાત, ગુજરાતી અને ગુજરાતીઝ્મ' રહેશે. સભારોહની વિગતો આપતા AIANA ના પ્રેસિડેન્ટ સુનીલ નાયકે જણાવ્યું કે આ સભારોહમાં વિવિધ વિષયો ઉપર સેમિનાર, ગુજરાતી ગીત-સંગીત, ડાયરો વગેરે કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે.**



કૃષિ મંત્રીશ્રી દિલીપ સાંગાણી અને પ્રફુલ નાયક તેમજ અન્ય મહાનુભવો

છકડામાં બેસાડી સમારોહ સુધી લવાશે. સાથે સાથે રસ્તામાં ખરીદી કરી શકાય તે માટે સ્ટોલ પણ ઊભા કરવામાં આવશે. ખાસ કરીને ગુજરાતી મેળાનો માહોલ ઊભો કરવા ચના જોરગરમના ખૂમચાવાળા પણ ઊભા રહેશે. જેથી હૂબહૂ વાતાવરણ લાવી શકાય.

મહાત્મા ગાંધીને પ્રિય એવો લાકડાનો ૩૦ ફૂટનો રેંટિયો સતત ત્રણ દિવસ સુધી ફરતો દેખાશે. સમારોહનું પ્રવેશદ્વાર પાટણના રુદ્રમાળની પ્રતિકૃતિ રહેશે. આમંત્રણપત્રિકા ઉપર ઐતિહાસિક ધરોહર એવા કબીરવડનું ચિત્ર મુકાશે.

AIANA ના પ્રેસિડેન્ટ સુનીલ નાયકના જણાવ્યા પ્રમાણે આયોજનનો હેતુ વિશ્વવ્યાપી ગુજરાતી સમાજને એક છત નીચે લાવવાનો છે. ગુજરાતી સંસ્કૃતિ સાથે સંલગ્ન બાબતો જેવી કે, વ્યવસાય, શિક્ષણ, સામાજિક પ્રશ્નો તથા મનોરંજન સહિતના તમામ વિષયો પર ચર્ચા થશે. ત્રિદિવસીય સમારોહ દરમિયાન રાજકીય, સામાજિક, આધ્યાત્મિક અને વ્યાવસાયિક આગેવાનોના ઉદ્દબોધનનું પણ આયોજન કરાયું છે, તદ્દઉપરાંત સમારોહમાં સામ પિત્રોડા, પંકજ ઉધાસ, મુકેશ અંબાણી, પરેશ રાવલ, નીતિન મુકેશ, ઝુબીન મહેતા વગેરે ઉપસ્થિત રહે તેવી સંભાવના છે.

# બિગ એન્ટરટેઇનમેન્ટ એવોર્ડમાં 'કેવી રીતે જઈશ' સાત એવોર્ડ સાથે છવાઈ



બિનાની બિગ ગુજરાતી એન્ટરટેઇનમેન્ટ એવોર્ડ સમારંભ અમદાવાદ ખાતે યોજાઈ ગયો. જેમાં ગુજરાતી ફિલ્મ ''કેવી રીતે જઈશ'' સાત એવોર્ડ મેળવી આગળ રહી હતી. અર્બન પ્રેક્ષકોમાં લોકપ્રિય થયેલ આ ફિલ્મ કેટેગરીના ચારેય એવોર્ડ ''કેવી રીતે જઈશ''ને મળ્યા હતા. થિયેટર કેટેગરીમાં ''નિહારિકા'' સિરીયલે ત્રણ એવોર્ડ મેળવી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. જ્યારે લાઇફટાઇમ અચિવમેન્ટનો એવોર્ડ પુરુષોત્તમ ઉપાધ્યાયને મળ્યો હતો.

અમદાવાદના જયશંકરસુંદરી હૉલ ખાતે યોજાયેલા એવોર્ડ સમારંભની શરૂઆત સિદી ધમાલ નૃત્ય સાથે શરૂ થઈ હતી. ઐશ્વર્યા મજમુદાર અને પાર્થિવ ગોહિલે સુંદર પ્રસ્તુતિ દ્વારા સ્વ. અવિનાશ વ્યાસને વિશેષ અંજલિ આપી હતી. પ્રિન્સના ગુજરાતી અને હિન્દી ગીતો પર વેસ્ટર્ન ફ્યુઝને વિશિષ્ટ આકર્ષણ જગાવ્યું હતું. એવોર્ડની નિર્ણાયક સમિતિમાં ભાવના સૌમૈયા, અરવિંદ જોશી તથા રોબિન ભટ્ટે સેવા આપી હતી.

સમારંભમાં હાજર નામાંકિત વ્યક્તિઓમાં કેતન મહેતા, સંજય છેલ, ભાવના સોમૈયા, અરવિંદ જોશી, સરોજ ખાન, શ્રવણ રાઠોડ, મનોજ જોશી, સૌમિલ મુનશી, તુષાર શુક્લ, નરેશ-મહેશ, રૂપા દિવેટીયા, દિશા વાંકાણી, ભીમ વાંકાણી, આશિત મોદી, ગૌરાંગ વ્યાસ, બાબુભાઈ થીબા, પુરુષોત્તમ ઉપાધ્યાય, હિતેનકુમાર, ચંદન રાઠોડ, મોના થીબા, ટી.પી.અગ્રવાલ, ઘનશ્યામ નાયક, ઐશ્વર્યા મજમુદાર, પાર્થિવ ગોહિલ. મનહર ઉધાસ, અને દિનેશ લાંબા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ છ કેટેગરીમાં ૨૫ એવોર્ડ આપવામાં આવ્યા હતા. જેમાં ફિલ્મ કેટેગરીમાં



કાર્યક્રમ માણી રહેલા દિવ્યાંગ ઠક્કર, વેરોનિકા ગૌતમ, સૌમિલ મુનશી તથા તુષાર શુક્લ

**ગુજરાતી ફિલ્મ ''કેવી રીતે જઈશ'' સાત એવોર્ડ મેળવી આગળ રહી હતી. અર્બન પ્રેક્ષકોમાં લોકપ્રિય થયેલ આ ફિલ્મ કેટેગરીના ચારેય એવોર્ડ ''કેવી રીતે જઈશ''ને મળ્યા હતા. થિયેટર કેટેગરીમાં ''નિહારિકા'' સિરીયલે ત્રણ એવોર્ડ મેળવી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. જ્યારે લાઇફટાઇમ અચિવમેન્ટનો એવોર્ડ પુરુષોત્તમ ઉપાધ્યાયને મળ્યો હતો.**




અભિનેત્રીઃ વેરોનિકા ગૌતમ (કેવી રીતે જઈશ?), અભિનેતાઃ દિવ્યાંગ ઠક્કર (કેવી રીતે જઈશ?), નિર્દેશકઃ અભિષેક જૈન (કેવી રીતે જઈશ?), ફિલ્મઃ કેવી રીતે જઈશ? ને મળ્યા હતા. ટેલિવિઝન કેટેગરીમાં અભિનેત્રીઃ ઝંખના દેસાઈ (નિહારિકા), થીયેટર કેટેગરીમાં અભિનેત્રીઃ ભક્તિ રાઠોડ (તમને મળીને આનંદ થયો), અભિનેતાઃ પરેશ રાવલ (ડીયર ફાધર), નિર્દેશકઃ મિહિર ભૂતા, બેસ્ટ નાટકઃ ડીયર ફાધર, મ્યુઝીક કેટેગરીમાં ગાયિકાઃ ઐશ્વર્યા મજમુદાર (કેવી રીતે જઈશ), ગાયકઃ રૂપકુમાર રાઠોડ, પાર્થિવ ગોહિલ (કેવી રીતે જઈશ), સંગીતઃ ગૌરાંગ વ્યાસ(તારી સાથે), સ્પેશિયલ કન્ટ્રીબ્યુશન ટુ ઈન્ડિયન સિનેમાઃ કેતન મહેતા, કન્ટ્રીબ્યુશન ટુ ઈન્ડિયન ટેલિવિઝનઃ દિલીપ જોશી, કન્ટ્રીબ્યુશન ટુ ઈન્ડિયન ટેલિવિઝનઃ દિશા વાંકાણી, ઓનર ટુ એન્ટાયર ટીમઃ ‘‘મારો પીયુ ગયો રંગૂન’’, સ્પેશીયલ એચીવમેન્ટ ઈન ઈન્ડિયન ટેલિવિઝનઃ શોભના દેસાઈ, સ્પેશિયલ કન્ટ્રીબ્યુશન ટુ કોરિયોગ્રાફીઃ સરોજ ખાન, ક્રિટિક ઍવોર્ડ ફોર ફિલ્મ કેટેગરીમાં અભિનેતાઃ હિતેનકુમાર (ચાર), અભિનેત્રીઃ લાજવંતી (તું જ મારી જિંદગી), ફિલ્મઃ વીર હમીરજીને ઍવોર્ડ એનાયત થયા હતા. આ સમગ્ર ઍવોર્ડ કાર્યક્રમ ગુજરાતી સિનેજગતમાં સીમાચિહ્નરૂપ બની રહ્યો.













## જનાર્દન-હર્ષદા રાવલ અને રાસબિહારી-વિભા દેસાઈનું સન્માન કરાયું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટાગોર હોલમાં ગુજરાતી સુગમસંગીતની સુવિખ્યાત સંગીત બેલડી જનાર્દન-હર્ષદા રાવલ અને રાસબિહારી-વિભા દેસાઈનો જાહેર નાગરિક સન્માન સમારંભ યોજાયો હતો. જાણીતા કથાકાર રમેશભાઈ ઓઝાએ આ યુગલને આશીર્વચન પાઠવ્યા હતા.

આ સમારંભમાં રાજ્યસભાના સાંસદ પુરૂષોત્તમ રૂપાલા, મેયર હસિત વોરા, મ્યુનિસિપાલ કમિશનર ગુરુપ્રસાદ મહાપાત્ર



અને અન્ય મહાનુભાવ હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે હસમુખ પાટડિયા, નયન પંચોલી અને કલ્યાણી કૌઠાળકરે ગીત-સંગીતની રજૂઆત કરી હતી.

## સંગીત-નાટક મહોત્સવ યોજાયો

તા. ૨૩મી જૂને, અમદાવાદમાં રવિશંકર રાવલ ભવનમાં સંસ્કૃતિ નાટ્યગૃહમાં નિમેષ દેસાઈએ તેમના પિતાશ્રી નિરંજન દેસાઈ (કે જેમનું તાજેતરમાં ૧૨મી મે, ના રોજ અવસાન થયુ)ની સ્મૃતિમાં 'અલખ નિરંજન...' નામે સંગીત અને નાટકનો મહોત્સવ યોજ્યો હતો. જૂન મહિનાના દરેક શનિવારે એમાં જુદાં જુદાં કાર્યક્રમો થયાં. ૨૩ મી જૂને નિમેષ દેસાઈએ તેમણે કરેલા નવા જ સ્વરાંકનો સાથે **'મનમાં જોયું મબલખ જોયું'** શીર્ષક સાથે ગુજરાતી કાવ્ય સંગીતની રજૂઆત કરી. આ તમામ સ્વરાંકનો નિમેષ દેસાઈએ મયુરિકા ઓઝા અને આશિતા પ્રજાપતિ સાથે ગાયા. જેમાં રાજેન્દ્ર શાહ, ચંદ્રકાન્ત શેઠ, મરીઝ, વિનોદ જોશી, રાજેન્દ્ર શુક્લ, ચીનુ મોદી, દલપત પઢિયાર, મનોજ ખંડેરિયા, આદિલ મન્સુરી, શ્યામ સાધુ, રમેશ પારેખ, ભાવેશ ભટ્ટ. રૂપલ પટેલ, મુકેશ જોષી, ઈન્દુ ગોસ્વામી,



અનિલ ચાવડા વગેરે કવિઓની રચનાઓ રજૂ કરવામાં આવી હતી. આ સરસ, આવકારના કારણે ફરીથી આ કાર્યક્રમ ૧૪મી જુલાઈએ પણ રજૂ કરવામાં આવ્યો હતો.

## સનત શોધનના પુસ્તક 'માય જર્ની ઈન ટુ ધ વાઈલ્ડ'નું મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનાં હસ્તે વિમોચન.



વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર સનત શોધનના પુસ્તક **'માય જર્ની ઈન ટુ ધ વાઈલ્ડ'**નું મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનાં હસ્તે અમદાવાદ મેનેજમેન્ટ એસોશિયેશન ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સનત શોધને કહ્યું કે, મે જ્યારે ફોટોગ્રાફીની શરૂઆત કરી ત્યારે ખ્યાલ પણ ન હતો કે ક્યારેક મારી ફોટોગ્રાફની બુક પણ લોન્ચ થશે. આ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીના પુસ્તકનાં ડિટેઈલીંગ માટે ભારતનાં બાંધવગઢ, સરિસ્કા, કાન્હા, રણથંભોર વગેરે જંગલોમાં ફરીને ફોટોગ્રાફ્સ લીધા હતા. પરંતુ ભારતનાં જંગલોની એસેટ્સની વેલ્યુ દર્શાવવા માટે ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, સાઉથ આફ્રિકા, યુ.કે., યુરોપ, નોર્થ અમેરિકા અને સાઉથ અમેરિકાનાં જંગલોમાં ફરીને તેમણે ફોટોગ્રાફી કરી છે. ફોટોગ્રાફર સનત શોધને જણાવ્યું હતું કે મને આ પુસ્તકનાં ફોટોગ્રાફ્સ લેતી વખતે કેટલાંય અઘરાં અનુભવો પણ થયા હતા.



## શાસ્ત્રીય નૃત્ય શિબિર યોજાઈ...

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા શાસ્ત્રીય નૃત્યશિબિર (ડાન્સ થેરાપી) નૃત્યચિકિત્સાનું આયોજન તા. ૨ થી ૬ જુલાઈ એમ પાંચ દિવસ માટે રવિશંકર રાવલ ભવન, અમદાવાદ ખાતે કરાયું. આ શિબિરનું સંચાલન જાણીતા શાસ્ત્રીય નૃત્યગુરૂ શ્રીમતી સ્મિતાબેન શાસ્ત્રીએ કર્યું હતું. પ્રાચીન–ચિકિત્સા પદ્ધતિ જેવી કે યોગ, એક્યુપ્રેશર, સુજોગ પદ્ધતિ નૃત્યકારને કેવી રીતે ઉપયોગી બને તથા યોગ, એક્યુપ્રેશર પદ્ધતિથી નૃત્યકાર શારિરીક રીતે સક્ષમ રહેવા માટે કેવા સમતોલ આહારની જરૂરિયાત છે તે વિષયક માહિતીઓનું માર્ગદર્શન આપવાનો શિબિરનો મુખ્ય હેતુ હતો. તા ૨ જુલાઈ, પ્રથમ દિવસે વસંત નેચરક્યોરનાં ડૉ. અરૂણ ઉપેન્દ્રએ નેચરોપેથી દ્વારા કેવા સમતોલ આહાર આવશ્યક છે તે વિશેની જાણકારી આપી હતી. તા.૩ જુલાઈએ નિષ્ણાંત યોગાચાર્ય ભાસ્કર હિન્દુસ્તાનીએ યોગ, પ્રાણાયામ અને વિવિધ આસનોની માહિતી આપી નૃત્યકારોને થતી શારિરીક ક્ષતિઓના નિવારણ અંગે જાણકારી આપી હતી. તા.૪ જુલાઈના રોજ જાણીતા એક્યુપ્રેશર થેરાપિસ્ટ નવીનભાઈ વાછાણીએ એક્યુપ્રેશર અને સુજોગ પદ્ધતિનું માર્ગદર્શન અને તાલીમ આપી હતી. છેલ્લા દિવસે ગુરૂ સ્મિતાબહેને રાણકીવાવ પરનાં અપ્સરાનાં શિલ્પો વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, હજારો વર્ષો પૂર્વે પણ શારિરીક ક્ષતિઓનું નિવારણ કેવી રીતે થતું તેનું ચિત્રાંકન રાણકીવાવનાં શિલ્પો પર કંડારાયેલી છે. આ ઉપરાંત તેમણે વૈજ્ઞાનિક પદ્ધતિથી શરીરને ફિટ રાખવાની કસરતો વિષેની માહિતી આપી. અંતિમ દિવસે શિબિરાર્થીઓએ યોગ અને એક્યુપ્રેશર નૃત્યમાં કેવી રીતે ઉપયોગી બને તેમ જ નૃત્યકારનું શારિરીક સૌષ્ઠવ સુદ્દઢ બની રહે તેની જાણકારી આપતું સુંદર પ્રદર્શન પણ કર્યું હતું. શિબિરાર્થીઓએ પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં કહ્યું કે અકાદમી આવી શિબિરો વારંવાર યોજતા રહે તો ખૂબ જ લાભપ્રદ બને. સચિવશ્રી પ્રદીપભાઈ આઝાદ પણ આ શિબિરમાં ઉપસ્થિત રહ્યાં હતા.

## સ્પીકમેકે દ્વારા ક્લાસિકલ કાર્યક્રમ યોજાયો



સોસાયટી ફોર પ્રમોશન ઓફ ઈન્ડિયન ક્લાસિકલ મ્યુઝિક એન્ડ કલ્ચર અમોંગસ્ટ યૂથ (સ્પીકમેકે) દ્વારા તારીખ ૧૩ થી ૧૫ જુલાઈ દરમિયાન અમદાવાદના આઈઆઈએમએ ખાતે ‘સ્ટેટ કન્વેન્શન–૨૦૧૨’ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. એન. રાજમે વાયોલિન, ઉસ્તાદ વસિફુદ્દીન ડાગરે ધ્રૂપદ તેમજ મંજુ મહેતા દ્વારા સિતારવાદન રજૂ કરવામાં આવ્યું હતું. કચ્છી લોકકલાકરો ના ગ્રુપ ‘સુરવાણી’ દ્વારા ‘અસાંજો કચ્છ’ નામનો પોપ મ્યુઝિક કાર્યક્રમ પણ રજૂ કરાયો હતો. આ કાર્યક્રમમાં બાળકો અને યુવાનો સંગીત અને નૃત્યકળામાં આગળ વધે તે હેતુથી વર્કશોપ્સ પણ રાખવામાં આવ્યાં હતાં. જેમાં ઈશિરા પરીખે બાળકો તેમજ યુવાનોને કથ્થક અંગે તાલીમ આપી હતી, જ્યારે વસિફુદ્દીન ડાગરે ધ્રૂપદ અંગે સમજણ આપી હતી. કાર્યક્રમના અંતિમ દિવસે તાલીમ મેળવેલા બાળકલાકારોએ ધ્રૂપદનું ગાન અને કથ્થકના તાલ રજૂ કરી ઉપસ્થિત ભાવકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

# મુંબઈમાં અંધેરી ભવન્સમાં પડ્યો શ્યામલ વરસાદ




મુંબઈના સાહિત્યિક કાર્યક્રમોના ઇતિહાસમાં કદી ભૂલી ન શકાય એવી શ્રેણી એટલે કાવ્યસંપદા શ્રેણી. સ્વ. કાંતિ મડિયા અને પ્રસિદ્ધ કવિ સુરેશ દલાલની જોડીને આ શ્રેણી હેઠળ નરિમાન પોઇન્ટ સ્થિત એન.સી.પી.એ એક્સપરિમેન્ટ થિયેટરમાં દર મહિને એક રવિવારે એક કવિને સાંભળવાનો લ્હાવો કાવ્યરસિકોને આપ્યો. એક દાયકાથીય વધુ સમય ચાલેલી આ શ્રેણી અંતર્ગત લગભગ દોઢેક કલાક સુધી એક જ કવિને સાંભળવાનો મોકો મળે ત્યારે તેના સર્જનના વ્યાપ વિશે પણ જાણ થતી અને તેની સર્જનપ્રક્રિયા વિશે પણ. કાંતિ મડિયાના નિધન પછી બંધ થયેલી કાવ્યસંપદા શ્રેણી ભવન્સ કલ્ચરલ સેન્ટરના ઉપક્રમે કરી શરૂ કરવામાં આવી એને પણ ત્રણ વર્ષ થઈ ગયા છે. લલિત શાહ–લલિત વર્માના નિર્દેશનમાં હાલ આ શ્રેણીનું સંચાલન કવિ મુકેશ જોષી–હિતેન આનંદપરા સંભાળી રહ્યા છે.

મુંબઈમાં ૧૫ જુલાઈની સવાર શ્યામલ મુનશીના કાવ્યોથી તરબતર બની ગઈ. સૂક્ષ્મ રમૂજના સ્નાતક શ્યામલ મુનશીની સંવેદનશીલ રચનાઓએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યાં. તેમના વિવિધ કાવ્યોમાં સર્જકીય સજ્જતા અને ગ્રાફનો ખ્યાલ આવ્યો હતો. સ્વરકાર શ્યામલના પડછાયા હેઠળ ઢંકાયેલા કવિ શ્યામલનું આ રીતે ઉજાગર થવું લોકો માટે એક સાનંદાશ્ચર્ય હતું. કશુંક નવું કરવાની પારાવાર ધગશ ધરાવતા આ કવિએ અલગ મિજાજ ધરાવતા કાવ્યગુચ્છની રજૂઆત અલગ અલગ રંગની ટોપી પહેરીને કરી હતી. અન્યની ટોપી ફેરવવાની બદલે પોતાની જ ટોપી ફેરવવાની આ રીત ચકિત કરી દે એવી પૂરવાર થઈ. નાટકની ભાષામાં કહીએ પાઠનમાં પ્રોપર્ટી લાવવાનો આ પ્રયાસ સફળ રહ્યો.

કાર્યક્રમની હાઈલાઈટ્સમાં જોઈએ તો સુખ વિશેની ચાર કાવ્યોનો ગુચ્છ તેમણે બહુ જ ઓછા વપરાતા રામસાગર વાદ્યના સહારે રજૂ કરી વાતાવરણ દિવ્ય બનાવી દીધું. દરદીની વેદનાને આવરતી વૉર્ડ નં. ચારની ગઝલ સાથે માનવસ્વભાવની વિવિધતાને નિરૂપતી ગઝલો. દહેજના દૂષણને વેધકતાથી શબ્દસ્થ કરતી રચના 'આગ', વૃદ્ધાવસ્થામાં એકાકી બની જતા 'દાદા'ની વ્યથા. સરળ છતાં મર્મરભર ગીતો. રમતાં રમતાં જોડણીના નિયમો શીખવતી ને બારાખડીને આવરી લેતી સ્વરબદ્ધ રજૂઆતને લોકોએ મનભરીને બિરદાવી. મનહર છંદમાં રમૂજ સાથે સમાપ્તિ કરી સતત બે કલાક સુધી મુંબઈમાં વરસેલા **શ્યામલ વરસાદમાં** શ્રોતાઓ ભીંજાયા. અંધેરી ભવન્સના બીસીસીએ હૉલમાં આયોજિત આ કાર્યક્રમમાં સ્વરકાર સૌમિલ મુનશીનો સહકાર પણ સાંપડ્યો. સ્વરસેતુના થિમેટિક કાર્યક્રમો માટે વિશેષ રૂપે સર્જાતી ઈતિહાસ, ભૂગોળ, ઓજાર વગેરે વિષયો પરની રચનાઓનો અનુભવ શ્રોતાઓ માટે નવોનક્કોર પૂરવાર થયો.

પ્રારંભમાં શ્યામલ મુનશી હૉલમાં બહાર કૉફી પીતા પીતા હાર્મોનિયમનો ઇંતિઝાર કરી રહ્યા હતા ત્યારે તુષાર શુક્લએ લાક્ષણિક શૈલીમાં કવિ પરિચય આપ્યો હતો. અમદાવાદના કવિ કૃષ્ણ દવેની ઉપસ્થિતિ નોંધનીય પૂરવાર થઈ.

**કાવ્યસંપદામાં આવેલા સર્જકોની એક ઝલક**

ભવન્સ કલ્ચરલ સેન્ટરની કાવ્યસંપદા શ્રેણીમાં ખલીલ ધનતેજવી, સુરેશ દલાલ, અનિલ જોશી, ભગવતીકુમાર શર્મા, ધ્રુવ ભટ્ટ, સુરેન ઠાકર 'મેહુલ', હર્ષ બ્રહ્મભટ્ટ, હેમેન શાહ, ચંદ્રકાન્ત શાહ, લલિત વર્મા, મણિલાલ હ. પટેલ, જવાહર બક્ષી, મેઘબિંદુ, રઈશ મનીઆર, રાજેન્દ્ર શુક્લ, તુષાર શુક્લ, રવીન્દ્ર પારેખ, રિષભ મહેતા, શોભિત દેસાઈ, સંદીપ ભાટિયા, કૃષ્ણ દવે, સૌમ્ય જોષી, દિલીપ રાવલ, ચંદ્રેશ મકવાણા–ભાવેશ ભટ્ટ, એશા દાદાવાળા–મહેશ દાવડકર, ગૌરાંગ ઠાકર–પ્રમોદ અહિરે,



મકરંદ મુસળે–ભરત ભટ્ટ પવન વગેરે કવિઓ પઠન કરી ચૂક્યા છે.

વિશિષ્ટ વિષય આધારિત કાર્યક્રમોમાં 'વર્ષાકાવ્યો', 'મીરાં પ્રેમદિવાની', 'આ મનપાંચમના મેળામાં'. સ્વરકાર સુરેશ જોશી સાથે કાવ્યસંગીત સફર. કવયિત્રી સંમેલન. કાવ્યપ્રદક્ષિણા જેવા વિવિધ કન્સેપ્ટ રજૂ થયાં છે. તે ઉપરાંત ગદ્યકારોમાં મધુ રાય. નવલકથા વિશે નરેશ વેદ, સંસ્કૃત કવિતા વિશે હરિભાઈ કોઠારીના વકતવ્યો પણ યોજાયા છે. નાટ્યકારોમાં શેક્સપિયર વિશે મહેશ ચંપકલાલ તથા વિશ્વરંગભૂમિ દિન નિમિત્તે પ્રવીણ સોલંકી–મિહિર ભૂતા–સંજય છેલે આ મંચ પરથી રજૂઆત કરી છે. અન્ય ભાષાના સર્જકોમાં મંગેશ પાડગાંવકર, માયા ગોવિંદ, રાજેશ રેડ્ડીએ પણ અહીંથી કાવ્યો રજૂ કર્યા છે. આ સાહિત્યિક પ્રવૃતિને રંગભૂમિના કલાકારોનો પણ સહકાર મળતો રહ્યો થે. સનત વ્યાસ, મીનળ પટેલ, ઉત્કર્ષ મઝમુદાર, અમી ત્રિવેદી, રાજુલ દિવાન, કુમકુમ દાસ, ચિરાગ વોરા, જહોની શાહ, રિંકુ પટેલ વગેરે કલાકારોએ આ મંચ પરથી વિવિધ કવિઓના કાવ્યોનું પઠન કરી સમયને ગમતો બનાવ્યો છે.

## કવિ હર્ષ બ્રહ્મભટ્ટને એનાયત થશે 'કલાપી' ઍવોર્ડ



ઈન્ડિયન નેશનલ થીયેટર દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨ ના 'કલાપી ઍવોર્ડ'ની ઘોષણા કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના વરિષ્ઠ અધિકારી અને જાણીતા કવિ હર્ષ બ્રહ્મભટ્ટને આ વર્ષનો કલાપી એવોર્ડ એનાયત કરવામાં આવશે. આ સમગ્ર ઍવોર્ડ સમારંભનું આયોજન ૧૪ મી ઑગસ્ટના રોજ મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે. ઈન્ડિયન નેશનલ થીયેટર (INT) ના ચેરપર્સન રાજશ્રી બિરલા દ્વારા આ ઍવોર્ડ આપવામાં આવશે. હર્ષ બ્રહ્મભટ્ટ એ ગુજરાત રાજ્યના વરિષ્ઠ અધિકારી હોવાની સાથે સાથે એક સારા કવિ અને શાયર પણ છે. ગુજરાતી ભાષા ઉપરાંત ઉર્દુ અને હિન્દી ભાષામાં પણ તેમની હથોટી છે. તેમનો નવીનતમ સંગ્રહ 'જીવવાનો રીયાઝ' જે ગયા વર્ષે પ્રકાશિત થયો હતો તેને પણ કાવ્યરસિકોની દાદ મળી હતી. આ ઉપરાંત ગુજરાતી કાવ્યસંગ્રહ 'અંદર દીવાદાંડી', 'એકલતાની ભીડમાં' અને 'મૌનની મહેફિલ' પણ ઘણાં જ પ્રસિદ્ધ કાવ્યસંગ્રહ છે.



# ‘સિતાર લોન્જ’ સેલિબ્રેશન ઓફ ફેસ્ટિવ મૂડ

છેલ્લાં ત્રીસ વર્ષથી ભારતીય શાસ્ત્રીય સંગીત વાદ્ય સિતારની સાધના કરતાં અમિતા દલાલનું શાસ્ત્રીય રાગો પર આધારિત પ્રથમ ફ્યૂઝન મ્યુઝિક આલબમ ‘સિતાર લોન્જ’ અમદાવાદ ખાતે લોન્ચ થયું. ગ્રેમી એવોર્ડ વિજેતા અને મોહન વીણાના રચયિતા અને છેલ્લાં ૮ વર્ષથી અમિતા દલાલના ગુરૂ પંડિત વિશ્વમોહન ભટ્ટના હસ્તે આલ્બમ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ આલબમ અમિતા દલાલે તેમના પિતા સુંદરભાઈ પરીખને સમર્પિત કર્યું.

‘સિતારન લોન્જ’નું મ્યુઝિક કમ્પોઝિશન પં.વિશ્વમોહન ભટ્ટે કર્યું છે. તેમાં લોકપ્રિય શાસ્ત્રીય રાગો કાફી શહાના, રાગ કિરવાની, રાગ માંજખમાજ, રાગ હંસધ્વનિ, રાગ જોગ, રાગ યમન કલ્યાણ, રાગ મધ્યમ ભૈરવી આધારિત ૪ થી ૫ મિનિટના ફ્યૂઝનપીસ રજૂ કરવામાં આવ્યા છે. આલબમમાં કુલ ૯ મ્યુઝિક પીસ રજૂ કરવામાં આવ્યા છે. આલબમમાં ભારતીય સંગીત અને ફેસ્ટિવલના વિવિધ મૂડને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા છે. આલબમમાં રાગ કાફી શહાનામાં મહિલાઓ પ્રવૃત્તિની સંગતમાં સંગીતના તાલે ઝૂમતી હોય તેવો અહેસાસ, તો રાગ માંજખમાજમાં રાધાકૃષ્ણના પ્રેમની ભાવના, જ્યારે રાગ હંસ ધ્વનિમાં આવકારનો ભાવ રજૂ કરાયો છે. તો રાગ જોગમાં જાણીતા તબલાવાદક વિક્રમ ઘોષે ફ્યુઝનમાં સહયોગ આપ્યો છે.

અમદાવાદના શાસ્ત્રીયસંગીત મહોત્સવમાં વર્ષોથી પરફોર્મ કરતાં અમિતા દલાલ પં.રવિશંકર અને મંજુ મહેતાના શિષ્ય પણ છે. ‘સ્વરસેતુ’ સાથે સંવાદ કરતા અમિતા દલાલે જણાવ્યું હતું કે, ‘મેં મારા પ્રથમ આલબમ ડિફ્રન્ટ સ્ટ્રોક્સ’માં સંપૂર્ણ શુદ્ધ રાગો વગાડ્યા હતાં. છેલ્લા ૩૦ વર્ષથી માત્ર શાસ્ત્રીય સંગીત વગાડવાને કારણે ફ્યૂઝન પર હાથ આજમાવવાની મારી હિંમત થતી ન હતી પરંતુ પં.વિશ્વમોહન ભટ્ટના પ્રોત્સાહનથી મેં આ આલબમ દ્વારા ફ્યૂઝન તૈયાર કરવાનો પ્રયાસ કર્યો છે. આ માટેની પ્રેરણા મને ‘સપ્તક’નાં કાર્યક્રમ દરમ્યાન મળી. જેમાં કેટલાંક યંગસ્ટર્સે મને જણાવ્યું કે, તેમને શાસ્ત્રીય સંગીતના નાના ફ્યૂઝન પીસ સાંભળવાની મજા આવી તેના આધારે મને લાગ્યું કે શાસ્ત્રીય સંગીતને અલગ રીતે પીરસવામાં આવે તો તે યુવાનોને પણ આકર્ષી શકશે. આ લીધે જ મેં મારું બીજું આલબમ ફ્યૂઝન તૈયાર કર્યું છે. ઉલ્લેખનીય છે કે અમિતા દલાલને પં.ઓમકારનાથ એવોર્ડ, સૂરમણિ એવોર્ડ, નવદીપ પ્રતિષ્ઠાન એવોર્ડ, ગુજરાત ગૌરવ પુરસ્કાર, ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એવોર્ડ વગેરે સન્માન પણ મળ્યાં છે. આ ઉપરાંત તેઓએ પ્રતિષ્ઠિત સપ્તક ફેસ્ટિવલ, એનસીપીએ મુંબઈ, બનારસ ખાતે ‘સંકટમોચન’ ફેસ્ટિવલ, રશિયા ખાતે ઓલમ્પિક ગેમમાં પરફોર્મન્સ તેમજ લંડન, જાપાન, જર્મની વગેરે દેશમાં પણ પોતાના સિતારવાદનથી ભાવકોને ભીંજવ્યા છે. તાજેતરમાં જ ૨૧ જૂન, ‘વર્લ્ડમ્યુઝિક ડે’ નિમિત્તે બેંગકોક ખાતે પણ તેમને આમંત્રણ આપી બોલાવવામાં આવ્યા હતાં. ગુજરાતી મહિલા સિતારવાદક




દ્વારા ફ્યૂઝન આલબમ તૈયાર કરાયું હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે. ફેસ્ટિવમૂડ સેલિબ્રેટ કરવા અને યૂથને આકર્ષવામાં ‘સિતારલોન્જ’ સફળ રહ્યું છે.

**આલબમ : સિતારલોન્જ,**
**કંપની : મીસ્ટિકા, કિંમતઃ ₹ ૧૯૫**
**પ્રાપ્તિસ્થાન : અગ્રગણ્ય મ્યુઝિક સ્ટોર્સ**

## ભીના અવાજના રેશભી હોંકારે




ભીના અવજના રેશની હોંકારે ઓડિયો સીડીમાં નવ જેટલી સુમધુર ગુજરાતી રચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રીતિ ગજ્જર અને ગાર્ગી વ્હોરાના કંઠમાં આ સમગ્ર રચનાઓ મહોરી ઊઠી છે.

આલબમની **'ઓ શ્યામ...'**, **'ભીના અવાજને..'**, **'ચાંદની રાતમાં...'**, **'કવરવ ભીનું...'**, **'કોરી રે આંખ્યુમાં...'**, **'ક્યાંક એનું ઘર હશે...'**, **'ફરસ પર પગલાનાં...'**, **'સાંજ ઢળી...'** રચનાઓ વધુ દમદાર રીતે રજૂ થઈ છે. રચનાઓમાં ભળેલો ગાર્ગીનો મધુરકંઠ ભાવકોને આકર્ષે છે.

આલબમમાં ગીતોની શબ્દરચના દેવેન શાહ અને જ્વલંત વ્હોરાની છે. સંગીત ચંદ્રકાંત ધ્રુવે આપ્યું છે. જ્યારે એરેન્જર શૈલેષ ઉત્પલ છે.

**કિંમત : ₹ ૩૦ પ્રાપ્તિસ્થાન : ઓપેરા ઓડિયો, જાગનાથ મંદિર ચોક, યાજ્ઞિક રોડ, રાજકોટ- ફોન-નં-૦૨૮૧-૨૪૬૫૯૦૪.**

## તું સમંદર દે મને




'તું સમંદર દે મને' ગુજરાતી ગીતોના ઓડિયોસીડી આલબમમાં નવ જેટલી રચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આલબમમાં જ્વલંત વ્હોરાની શબ્દરચનાને નેહા ત્રિવેદી, બ્રિજેન ત્રિવેદી, અનુપ વ્હોરા, વિનુ વ્યાસ, ગાર્ગી વ્હોરાનો કંઠ સાંપડ્યો છે.

સ્વર અને શબ્દના સમંદરની છાલકથી ભાવકોને ભીંજવતા આ આલબમમાં નેહા ત્રિવેદીએ **'તું સમંદર દે મને...'**, બ્રિજેન ત્રિવેદીએ **'યાદમાં ઝૂર ઝૂરી...'** અનુપા અને ગાર્ગીએ **'સખી આજ હું...'** અને **'ચાલ સખી રંગ સંગ...'** રચનાઓ માણવાની મજા આવે છે.

તો બ્રિજેને અને ગાર્ગી દ્વારા ગવાયેલી **'કાળ પડછાયો...'** ભાવકોને સ્પર્શે છે. વિનુ વ્યાસે ગાયેલી મેઘારંભે પણ ચોમાસુ ખડું થઈ જાય છે. તેમજ નેહા ત્રિવેદીએ ગાયેલી **'તને થોડેથી રિઝાવ...'** પણ ભાવકોને ભીંજવી તેમજ રિઝવી જાય છે.

**કિંમત : ₹ ૪૦ પ્રાપ્તિસ્થાન : ઓપેરા ઓડિયો, જાગનાથ મંદિર ચોક, યાજ્ઞિક રોડ, રાજકોટ- ફોન-નં-૦૨૮૧-૨૪૬૫૯૦૪.**

## વર્ષા અડાલજા
## ગુજરાતી સાહિત્ય પરિષદના નવાં પ્રમુખ



જાણીતા સાહિત્યકાર વર્ષા અડાલજાની ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે વરણી કરવામાં આવી છે. અગાઉ સાહિત્ય પરષિદના પૂર્વ પ્રમુખ ભોળાભાઈ પટેલનું અવસાન થતાં ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખ પદ ખાલી પડ્યું હતું. સાહિત્ય પરિષદના નિયમ મુજબ બે ઉપપ્રમુખ પૈકી જ નવા પ્રમુખની નિમણુંક થઈ શકે છે. વર્ષા અડાલજા અને અનીલા દલાલ બંને અત્યાર સુધી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ હતા. પ્રમુખની જગ્યા ખાલી પડતાં જે સીનીયર ઉપપ્રમુખ હોય તે પ્રમુખનું પદ સંભાળે છે. આ રીતે વર્ષા અડાલજા સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા છે. તેમના જણાવ્યા અનુસાર સાહિત્ય પરિષદ ઘણા વિકાસપૂર્ણ કાર્યો કરી રહી છે અને ભોળાભાઇએ આ કામો ઉત્તમ રીતે પૂરા પાડ્યા છે. તેથી તેમાં કોઈ પ્રકારનો સુધારો કરવાની જરૂર નથી. હું આ કાર્યોને આગળ વધારવાનું ચાલું રાખીશ.

## શ્યામલ-સૌમિલ સર્જિત
## અને વન્ડર વેવ્સ પ્રસ્તુત સીડી અને ડીવીડી



## કોમલ શ્રેણી

### મેઘધનુષ (બાળપણની રંગીન પ્રતિકૃતિ)

- મસ્તી, માહિતી અને મનોરંજનસભર ગુજરાતી બાળગીતોનો વિશિષ્ટ સંગ્રહ
- રંગીન સચિત્ર શબ્દ-પુસ્તિકા સાથે

### અલ્લક-મલ્લક (બાળપણની ભીની છાલ્લક)

- બાળગીતો અને જોડકણાં સાથે જ્ઞાન-ગમ્મત અને મનોરંજનનો ભરપૂર ખજાનો
- રંગીન સચિત્ર શબ્દ-પુસ્તિકા સાથે

## શીતલ શ્રેણી

### હસ્તાક્ષર

- હૃદય પર કોતરાઈ જતાં સૂર શબ્દના સહિયારા હસ્તાક્ષર ગ્લોબલ, ગુજરાતીઓનું ગૌરવ, એક આગવી ઓળખ, પ્રાંત અને પ્રજાની પ્રતિષ્ઠા જેમાં ટહુકે છે.

### મોરપિચ્છ (રાધા-કૃષ્ણની સ્નેહસૃષ્ટિનાં ગીતો)

## નિર્મલ શ્રેણી

### ભાવસરિતા (સ્મૃતિપટ ઉપર ભક્તિનું પવિત્ર વહેણ)

### ધૂન (શ્રી રામ ધૂન અને શ્રી કૃષ્ણ ધૂન)

### મહામંત્ર (શાશ્વત મંત્રગાનકી ગુંજ)

### ક્રિષ્નકીર્તન (સ્મૃતિપટ ઉપર ભક્તિનું પવિત્ર વહેણ)

### શિવમહિમ્નઃ સ્તોત્રમ્
(ભૂમિકા અને ભાવાનુવાદ સાથેની સીડી અને ડીવીડી)

## ચંચલ શ્રેણી

### રંગતાલ (નોનસ્ટોપ રાસ-ગરબા)


સંપર્કઃ હાર્દિક જોશી - મો. ૯૮૨૫૬ ૧૧૯૩૫ • ટચિંગ ટ્યૂન્સ, ૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ, અમદાવાદ-૬ ફોનઃ (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫ • ઈ-મેઈલઃ touchingtunes@yahoo.com
વ્યાપારી પૂછપરછ આવકાર્યઃ નેશનલ મ્યુઝિક સેન્ટર, કેલિકોડોમ સામે, રિલીફ રોડ, અમદાવાદ-૧, ફોનઃ (૦૭૯) ૨૨૧૩૩૩૦૨, ૨૨૧૩૮૨૮૮

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.

# સૂર શબ્દની સાથે જોડાવ...





- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ**





સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com


| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹ ૩૦૦ (૧૨ અંક) | ₹ ૬૦૦ (૨૪ અંક) | ₹ ૯૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘેરે મંગાવો સ્વરસેતુ**

હું.............................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹.......................મોકલી આપુ છું,

નામ :-.............................................................................................

સરનામું :-.............................................................................................

.............................................................................................

ટેલિફોન નંબર :-.......................મોબાઈલ નંબર :-.......................ઈ-મેઈલ :-.......................

ચેક/ડી.ડી નંબર :-.......................બેંક :-.......................તારીખ :-.......................

( લવાજમની રકમ રોકડથી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.



## જન્મદિવસ શુભ હો...શુભદાયી...સુખદાયી...ચિરઆયુ પામો...

**૧ ઑગસ્ટઃ** અરુણ દેશાણી (કવિ, ભાવનગર)

**૨ ઑગસ્ટઃ** સંકેત ખંડેકર (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

**૩ ઑગસ્ટઃ** લતેશ શાહ (ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

**૪ ઑગસ્ટઃ** શરીફા વીજળીવાળા (સાહિત્યકાર, સુરત)

**૪ ઑગસ્ટઃ** મયૂર દવે (વાદક કલાકાર-કી-બોર્ડ, અમદાવાદ)

**૫ ઑગસ્ટઃ** મૌલિક મહેતા (વાદક કલાકાર-તબલા, અમદાવાદ)

**૬ ઑગસ્ટઃ** ચંદ્રકાંત મહેતા સાહિત્યકાર, અમદાવાદ

**૬ ઑગસ્ટઃ** આદિત્ય નારાયણ (ગાયક, મુંબઈ)

**૬ ઑગસ્ટઃ** દલેર મહેંદી (ગાયક, મુંબઈ)

**૬ ઑગસ્ટઃ** મનદીપ ધ્રુવ (વાદક કલાકાર-તબલા,અમદાવાદ)

**૭ ઑગસ્ટઃ** સુરેશ વાડકર (ગાયક સંગીતકાર, મુંબઈ)

**૭ ઑગસ્ટઃ** ચંદ્રકાંત ટોપીવાળા (સાહિત્યકાર, અમદાવાદ)

**૮ ઑગસ્ટઃ** હરિત ધોળકિયા (ગાયક, ભાવનગર)

**૮ ઑગસ્ટઃ** વિભૂતિ ભટ્ટ (ગાયિકા, ભાવનગર)

**૧૦ ઑગસ્ટઃ** વિજય શાસ્ત્રી (સુરત)

**૧૦ ઑગસ્ટઃ** પ્રાચી શાહ (ગાયિકા,અમદાવાદ)

**૧૦ ઑગસ્ટઃ** જયંત મેઘાણી (પુસ્તક પ્રસારક, ભાવનગર)

**૧૧ ઑગસ્ટઃ** દિક્ષિત ઘોડા (દિગ્દર્શક, નિર્માતા, અમદાવાદ)

**૧૨ ઑગસ્ટઃ** ભાવિની જાની (ટી.વી. અને નાટ્યકલાકાર, અમદાવાદ)

**૧૨ ઑગસ્ટઃ** દિન્યાર કોન્ટ્રાકટર (ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

**૧૨ ઑગસ્ટઃ** અજય ઓઝા (લેખક, ભાવનગર)

**૧૩ ઑગસ્ટઃ** પ્રદીપ ભટ્ટ (વાદક કલાકાર તબલા, ભાવનગરઘ)

**૧૩ ઑગસ્ટઃ** જનક નાયક ( --સુરત)

**૧૩ ઑગસ્ટઃ** અપરા મહેતા (ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

**૧૩ ઑગસ્ટઃ** વિનોદ જોશી (કવિ, ભાવનગર)

**૧૩ ઑગસ્ટઃ** લાલજી કાનપરિયા (કવિ, અમરેલી)

**૧૪ ઑગસ્ટઃ** સુનિધિ ચૌહાણ (ગાયિકા, મુંબઈ)

**૧૪ ઑગસ્ટઃ** શર્મિષ્ઠા સરકાર (નૃત્યાંગના, અમદાવાદ)

**૧૫ ઑગસ્ટઃ** ડૉ. નીપા ઠક્કર (કથ્થક નૃત્યકાર, ભાવનગર)

**૧૫ ઑગસ્ટઃ** પુરુષોત્તમ ઉપાધ્યાય (ગાયક સ્વરકાર, મુંબઈ)

**૧૬ ઑગસ્ટઃ** પ્રવીણસિંહ જાડેજા (વાદક કલાકાર-દિલરુબા,જામનગર)

**૧૬ ઑગસ્ટ :** જયાબહેન મહેતા (લેખિકા, મુબઈ)

**૧૭ ઑગસ્ટ :** શિલ્પા અંધારિયા (ગાયિકા, ભાવનગર)

**૧૭ ઑગસ્ટઃ** દીપ્તિ જોશી (ટી.વી. અને નાટ્ય કલાકાર, અમદાવાદ)

**૧૭ ઑગસ્ટઃ** કિશોરચંદ્ર શુકલા (સાહિત્યકાર, મોડાસા)

**૧૭ ઑગસ્ટઃ** દિનકર ઉપાધ્યાય (કલાકાર, અમદાવાદ)

**૧૭ ઑગસ્ટઃ** દિપ્તિ બ્રહ્મભટ્ટ (કલાકાર, અમદાવાદ)

**૧૮ ઑગસ્ટઃ** અરુણા ઈરાની (ફિલ્મ ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

**૧૮ ઑગસ્ટઃ** યશપાલ ગોહિલ (નાટ્ય કલાકાર, ભાવનગર)

**૧૮ ઑગસ્ટઃ** જય બુટાણી (નાટ્ય કલાકાર, ભાવનગર)

**૧૮ ઑગસ્ટઃ** વિરાજ અમર (ગાયિકા, અમદાવાદ)

**૧૮ ઑગસ્ટઃ** ગુલઝાર (કવિ અને ગીતકાર, મુંબઈ)

**૧૯ ઑગસ્ટઃ** રઈશ મનીઆર (કવિ ગઝલકાર, સુરત)

**૨૦ ઑગસ્ટઃ** સુખદવ પંડ્યા (કવિ, અમદાવાદ)

**૨૦ ઑગસ્ટઃ** નિકેતા ધિયા, (નૃત્યાંગના, અમદાવાદ)

**૨૦ ઑગસ્ટઃ** રાજેન્દ્ર પટેલ (મહામંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ)

**૨૦ ઑગસ્ટઃ** નરેશ કનોડિયા (ગુજરાતી ફિલ્મ કલાકાર)

**૨૧ ઑગસ્ટઃ** શશિકલાબહેન ત્રિવેદી (સાહિત્યકાર, નવી દિલ્લી)

**૨૧ ઑગસ્ટઃ** શશીકાંત નાણાવટી (પત્રકાર, અમદાવાદ)

**૨૧ ઑગસ્ટઃ** તુષાર દવે (ટી.વી. અને નાટ્ય કલાકાર, અમદાવાદ)

**૨૨ ઑગસ્ટઃ** નીતિન ત્રિવેદી (લેખક, ભાવનગર)

**૨૨ ઑગસ્ટઃ** ભાલચંદ્ર શુકલ (ગાયક, અમદાવાદ)

**૨૨ ઑગસ્ટઃ** મહેશ શાસ્ત્રી (હાસ્ય કલાકાર, અમદાવાદ)

**૨૩ ઑગસ્ટઃ** હિલ્પન શાહ (ગાયક, ગ્રાફિક ડિઝાઈનર, અમદાવાદ)

**૨૩ ઑગસ્ટઃ** અશોક ચાવડા (કવિ, અમદાવાદ)

**૨૩ ઑગસ્ટઃ** જયેન્દ્રકુમાર પટેલ, (કવિ, વિદ્યાનગર)

**૨૩ ઑગસ્ટઃ** ધનરાજ પંડીત (સાહિત્યકાર, અમદાવાદ)

**૨૪ ઑગસ્ટઃ** ઘનશ્યામ વાસવાણી (ગાયક, મુંબઈ)

**૨૬ ઑગસ્ટઃ** મયૂર વાંકાણી (ટી.વી. અને નાટ્ય કલાકાર, અમદાવાદ)

**૨૬ ઑગસ્ટઃ** સુરેશ સોમપુરા (સાહિત્યકાર, મુંબઈ)

**૨૬ ઑગસ્ટઃ** ઉર્વશી પંડ્યા (સાહિત્યકાર, મુંબઈ)

**૨૬ ઑગસ્ટઃ** મહેશ વૈદ્ય (હાસ્ય કલાકાર, અમદાવાદ)

**૨૭ ઑગસ્ટઃ** મનન દવે (અભિનેતા, ભાવનગર)

**૨૭ ઑગસ્ટઃ** વિશ્વા કુંચલા (ગાયિકા, અમદાવાદ)

**૨૮ ઑગસ્ટઃ** પ્રણવ મહેતા (ગાયક, સંગીતકાર, ભાવનગર)

**૨૮ ઑગસ્ટઃ** ઈમુ (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

**૨૮ ઑગસ્ટઃ** સલિલ મહેતા (નાટ્યકલાકાર, અમદાવાદ)

**૨૯ ઑગસ્ટઃ** ચંદુલાલ સેલારકા (સાહિત્યકાર, મુંબઈ)

**૨૯ ઑગસ્ટઃ** મધુકર ઉપાધ્યાય (કવિ, સંગીત શિક્ષક, ભાવનગર)

**૩૦ ઑગસ્ટઃ** મહેશ પરમાર (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

**૩૦ ઑગસ્ટઃ** નિરજ પાઠક (ગાયક, અમદાવાદ)

**૩૧ ઑગસ્ટઃ** મનોજ જોશી 'મન' (કવિ, જામનગર)

**૩૧ ઑગસ્ટઃ** અર્ચન કવિશ્વર (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

**૩૧ ઑગસ્ટઃ** હરીશચંદ્ર જોશી (સાહિત્યકાર, બોટાદ)

**૩૧ ઑગસ્ટઃ** જિતેન્દ્ર ઠક્કર (નાટ્યકાર, અમદાવાદ)

**૩૧ ઑગસ્ટઃ** રતિલાલ બોરીસાગર (સાહિત્યકાર, બોટાદ)




NATIONAL RURAL HEALTH MISSION (2005-2012)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય.

# સફળતાની સફરમાં
# 62મું મુકામ




Since 1950

... આપનું ગર્વ !

TRITON

## એ બી જ્વેલ્સ્

શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઇટ, અમદાવાદ. (અમારી બીજી કોઈ શાખા નથી)

ફોનઃ 079-26742525 / 26 ● email: benchmark@abjewels.com

Like us on f / abjewels

ડાયમંડ

પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર

અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મોલ